श्रीसामवेदीय रुद्रपूजादि

(સામવેદીય રુદ્રપૂજા, રુદ્રી, પુરુષસૂક્ત ને બ્રહ્મયજ્ઞ)

સ્વર, ભાવાર્થ અને વિધિસહિત

યોજક :

બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીમન્ નથુરામશર્મા

બીલખા–કાઠિયાવાડ

પોતાના પુત્ર રામલાલના યજ્ઞોપવીતપ્રસંગે દ્વિજોને

પડતમૂલ્યે આપવા પ્રકટ કરનાર:

ત્રિકમલાલ મથુરભાઇ ત્રિવેદી–ભીમ[illegible]

કપડવંજ–ગુજરાત

પડત મૂલ્ય રૂ. ૦–૪–૦

श्रीसामवेदीय रुद्रपूजादि

(સામવેદીય રુદ્રપૂજા, રુદ્રી, પુરુષસૂક્ત ને બ્રહ્મયજ્ઞ)

સ્વર, ભાવાર્થ અને વિધિસહિત

યોજક :

બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીમન્ નથુરામશર્મા

બીલખા–કાઠિયાવાડ

પોતાના પુત્ર રામલાલના યજ્ઞોપવીતપ્રસંગે દ્વિજોને

પડતમૂલ્યે આપવા પ્રકટ કરનાર:

ત્રિકમલાલ મથુરભાઇ ત્રિવેદી–ભીમડીવાળા

કપડવંજ–ગુજરાત

પ્રતિ ૧૫૦૦ શક ૧૮૫૩

સં. ૧૯૮૭ સન ૧૯૩૧

પડત મૂલ્ય રૂ. ૦–૪–૦

અગત્યનું શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪	૫	र योत्रि	र योनि
૫	૪	२ र हाउ	२२ हाउ
૫	૫	२ र हाउ	२र हाउ
૫	૧૦	५र २ औहोवा	५र र औहोवा
૯	૧૯	२ १ युनजा	२ १ युनज।
૧૪	૧૧	२३	० २३
૧૮	૯	१ र २ यत्पार्या	१ र र यत्पार्या
૪૨	૧૬	ઉષયોગ	ઉપયોગ
૫૮	૧	२र१ २१ एतदमृतं	२र१२१ एतदमुतं
૫૮	૮	१ इडा	१ इडा
૬૫	૯	१ होयि	१ होयि।
૬૬	૧૫	५र र आमंद्रग ा।	५र र आमंद्ररा।
૬૯	૭	वांत्सखिभ्या:	वांत्सखिभ्या:।
૭૧	૧	औहोवा]	औहोवा
૭૨	૧૦	હવિપથી	હવિપ્થી
૭૩	૧૪	કર્મેદ્રિયો	કર્મેંદ્રિયો

મુદ્રણસ્થાન : આદિત્ય મુદ્રણાલય રાયખડરોડ અમદાવાદ.
મુદ્રક : ગજાનન વિ. પાઠક

ॐ

ઉપોદ્ઘાત

રુદ્ અને દ્ર મળીને રુદ્દ્રશબ્દ થયો છે. રુદ્ એટલે મનુષ્યાદિને રોવરાવનાર–દુઃખ આપનાર–અવિદ્યાદિ ક્લેશોને, ને દ્ર એટલે દ્રાવયતિ–વિનાશયતિ–પોતાના સાક્ષાત્કારવડે નિવૃત્ત કરે છે તે રુદ્દ્ર એટલે બ્રહ્મ. દેવોને પરોક્ષનામ પ્રિય છે તેથી બ્રહ્મનું રુદ્દ્રને સ્થાને રુદ્ર એવું પરોક્ષનામ વેદાદિમાં પ્રચલિત છે.

શુક્લયજુર્વેદીય દ્વિજોને રુદ્રના આરાધનમાટે અષ્ટાધ્યાયી રુદ્રી છે, ને ઋગ્વેદીઓને માટે રુદ્રાધ્યાય છે, પણ સામવેદીય દ્વિજોને રુદ્રના આરાધનમાટે તેવી રુદ્રી નથી. તે ખોટ પૂરી પાડવા શ્રીયુત **પ્રભાશંકર ત્રિકમજી**એ સામવેદીઓના શિષ્ટાચારને અને જૂની પદ્ધતિઓને અનુસરી **સામવેદરુદ્રી** અથવા **સામવેદ-રુદ્રજાપ** એવા નામનું નાનું સંસ્કૃત પુસ્તક સ્વરસહિત પ્રકટ કરાવેલું છે. કલકત્તાવાળા શ્રીયુત **સામશ્રમીએ** પણ કેટલાંક સામગાનો સ્વરસહિત પ્રકટ કરેલાં છે. આ પુસ્તકમાં રુદ્રપૂજામાં તથા રુદ્રી આદિમાં આવતાં સર્વ સામગાનો સ્વરસહિત આપ્યાં છે, ને તેનો ગુજરાતી ભાવાર્થ **સાયણભાષ્યાદિને** અનુસરીને આપ્યો છે. રુદ્રપૂજાનો વિધિ સંસ્કૃતમાં નહિ આપતાં ગુજરાતીભાષામાં આપ્યો છે કે જેથી સાધારણ સંસ્કૃત જાણનારને વા સંસ્કૃત નહિ જાણનારને પણ તે ઉપયોગી થાય.

"**एकं सद्विप्रा बहुधा वदन्ति**" (એક સદ્વસ્તુને–બ્રહ્મ-સ્વરૂપને–વેદવેત્તાઓ બહુ પ્રકારે કહે છે,) એ શ્રુતિમાં કહ્યા

પ્રમાણે આ રુદ્રપૂજામાંના મંત્રોમાં–ગાનોમાં–એકજ રુદ્રને–બ્રહ્મને–સૂર્ય, અગ્નિ અને ઇંદ્રાદિના નામથી વર્ણવેલ છે એમ જાણવું.

છાંદોગ્યોપનિષદ્‌ના પહેલા પ્રપાઠકના તેરમા ખંડમાં સામના અવયવરૂપ સ્તોભ (અર્થરહિત તથા ગાયનની સિદ્ધિરૂપ પ્રયોજનવાળા) અક્ષરોને વિષય કરનારી ઉપાસનાઓનું વર્ણન કરેલું છે, ત્યાં હાઉકાર, હાઈકાર, અથકાર, ઈહકાર, ઈકાર, ઉકાર, એકાર, ઓહોયિકાર, હિંકાર, સ્વર, યા, વિરાટ્ ને હુંકાર એ તેર સ્તોભોની ઉપાસનાનું વર્ણન કર્યું છે.

ઉપર જણાવેલા સ્તોભોનો કોઈ પણ પ્રકારનો અર્થ થતો નથી. સામવેદીય રુદ્રીમાં જે અનેક સ્તોભો આવ્યા છે તેમાંથી હાઉ એ સ્તોભનો અર્થ આશ્ચર્યરૂપ છે એવો થાય છે, અને બીજા **हुवे, हुवे, होवा, हा, हाइ, हेयि ओ** અને **हवौ** ઇત્યાદિ સ્તોભોનો અર્થ ઘણું આશ્ચર્ય છે, અથવા ઘણો આનંદ થાય છે એવો કરી શકાય. જેમ કેટલાક ગરબામાં ને ગરબીમાં તથા દેશીઓમાં રે, લોલ ને જી એવા અક્ષરો આવે છે તેનો કંઈ અર્થ થતો નથી તેમ સામવેદમાંના સ્તોભોનો પણ કંઈ અર્થ થતો નથી. તે શબ્દો માત્ર ગાયનની શોભામાં વૃદ્ધિ કરવામાટે છે.

જેમને સ્વરસહિત સામગાન શીખવાં હોય તેમણે કોઇ સારા વિદ્વાન્‌પાસેથી તે સામગાનો શાખી લેવાં.

આ પુસ્તકમાં કોઇ કોઇ સ્થલે શબ્દની પાછળ જે આવું (ह्-) ચિહ્ન મૂકેલું છે તે અર્ધ અનુસ્વારમાટે મૂકેલું છે. તે સ્થલે આવા (ँ) ચિહ્નમાટે તે મૂકેલું છે એમ જાણવું. ॐ

ॐ

॥ सामवेदीयरुद्रपूजादि ॥

मंगलम्

नमः प्रशांतरूपाय सच्चिदानंदमूर्तये ।

परिपूर्णस्वरूपाय नमः शांताय तेजसे ॥ १ ॥

ભાવાર્થ:-અત્યંત શાંતસ્વરૂપવાળા અને સદ્રૂપ, ચિદ્રૂપ ને આનંદરૂપ સ્વભાવવાળા પરમાત્માને નમસ્કાર. દેશ, કાલ ને વસ્તુના પરિચ્છેદથી રહિત સ્વરૂપવાળા અને શાંતપ્રકાશવાળા પરમાત્માને નમસ્કાર.

પ્રાત:કાલમાં વેલાસર ઊઠી, શૌચ, દાતણ, સ્નાન, પ્રાત:સંધ્યા, પ્રાતર્હોમ, માધ્યાહ્નસંધ્યા, બ્રહ્મયજ્ઞ અને તર્પણથી પરવારી, પછી સામવેદી દ્વિજે કોઇ પણ શિવાલયમાં બેસી, રુદ્રપૂજાદિનો પ્રારંભ કરવો.

રુદ્ એટલે મનુષ્યને રોવરાવનાર અવિદ્યાદિ ક્લેશો, તેને દ્ર એટલે દૂર કરે છે તે રુદ્ર. તે સગુણબ્રહ્મ વા મહેશ્વર છે. રુદ્રમાં બે દ થવા જોઇએ, પણ દેવોને પરોક્ષ નામ પ્રિય હોવાથી રુદ્દ્રને સ્થાને રુદ્ર શબ્દ થયો છે એમ જાણવું.

હાથપગ ધોઇ, શિખા બાંધી, પૂર્વાભિમુખે કે ઉત્તરાભિમુખે દર્ભાદિના પવિત્ર આસનપર સ્વસ્થપણે બેસી, આચમન-પ્રાણાયામ કરી, નેત્રાદિ ઇંદ્રિયોને સ્પર્શ કરી, પોતાના શ્રીસદ્‌ગુરુને અને શ્રીગણપતિને નમસ્કાર કરી, પછી **ॐ नमो महेश्वराय** એમ બોલી, **શ્રીમહેશ્વરને** ત્રણ વાર પંચાંગ નમસ્કાર કરવા. પછી જમણા હાથમાં રાખેલી તાંબાની કે રૂપાની આચમનીમાં જલ વા જલ, પુષ્પ ને અક્ષત લઇ નીચે પ્રમાણે શ્રીમહેશ્વરની પૂજાદિનો સંકલ્પ કરવોઃ—

अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे श्रीमहेश्वरप्रीतये षोडशोपचारपूजापूर्वकं रुद्राध्यायस्य जपं वा अभिषेकमहंकरिष्ये ॥

પછી **ॐ नमो भगवते रुद्राय** એ મંત્રવડે શ્રીરુદ્રને નમન કરી હું રુદ્ર છું એમ પૂજા કરનારે પોતાના મનમાં પૂજાના અધિકારમાટે ભાવના કરવી, કેમકે દેવ થયા વિના મનુષ્યથી દેવને પૂજી શકાતા નથી. પછી નીચે જણાવ્યા પ્રમાણે અંગન્યાસ કરી, પછી ષડંગન્યાસ કરવા.

ॐકારના બ્રહ્મા ઋષિ, દૈવીગાયત્રી છંદ ને પરમાત્મા દેવતા છે, અને શિખામાં ન્યાસ (શિખાનો સ્પર્શ) કરવામાં તેનો ઉપયોગ છે. **भूर्भुवः स्वः** એ ત્રણ વ્યાહૃતિઓના અનુક્રમે વિશ્વામિત્ર, જમદગ્નિ ને ભરદ્વાજ ઋષિ, ગાયત્રી, ઉષ્ણિક્ ને અનુષ્ટુપ્ છંદ અને અગ્નિ, વાયુ ને સૂર્યદેવતા છે. **तत्सवि०** એ ગાયત્રીમંત્રના વિશ્વામિત્ર ઋષિ, ગાયત્રી છંદ ને સવિતા

દેવતા છે, અને ગાયત્ર્યસામના પુષ્કલ ઋષિ, ગાયત્રી છંદ ને સવિતા દેવતા છે. શિરનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ-

१ २उ ३क २र १ २ ३ १२र ३ १ २ ३ १ २
ॐ भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।
२ ३ १ २ ३ १ २ १ र
धियो यो नः प्रचोदयात् ॥ १ ॥ ॐ तत्सवितुर्वरेणियोम् ।
१ऽऽ र र २ २ १र र २ १
भार्गो देवस्य धीमाही २ । धियो यो नः प्रचो १२१२। हुम्।
१ १ २ १ १ १
आ २। दायो । आ ३४५ ॥ २ ॥

ભાવાર્થ:—જે સૂર્યદેવ અમારી બુદ્ધિઓને ધર્માદિ વિષયોમાં પ્રેરે છે તે પ્રકાશવાન્ જગત્સ્રષ્ટા સૂર્યના સ્વયંજ્યોતિઃસ્વરૂપનું અમે ધ્યાન કરીએ છીએ. ૧-૨

નીચેના **नमस्ते०** એ સામના અગ્નિ ઋષિ, ગાયત્રી છંદ ને અગ્નિ દેવતા છે, અને લલાટનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ-

४ ५ र ४ ५ १ २ १ ^ ३
नमस्तौ । होग्नायि । ॐ जसा३यि । गृणा २ ता २३४
५ १ ७ १ २ १ ^ ३ ५ र र
यिद्रे । मा कृष्टया २ः । अमाये ३ः । आ२ मा २३४ औहो-
२ ^ ३ १ १ १ १
वा । त्रमर्दया २३४५ ॥ ३ ॥

ભાવાર્થ:-હે અગ્નિદેવ ! મનુષ્યો શરીરના તથા બુદ્ધિના બલની પ્રાપ્તિમાટે આપને નમસ્કાર કરે છે. હું પણ તે બલ આપવાના સામર્થ્યવાળા આપને નમસ્કાર કરું છું. આપ આપના સામર્થ્યથી અમારા બહારના ને આંતરના શત્રુઓનો નાશ કરો. ૩

નીચેના **રૌરવ** અને **યૌદ્ધાજય** એ બે સામના રુરુ ને શુધાજિન ઋષિ, બૃહતી છંદ ને સોમ દેવતા છે, અને બંને નેત્રને સ્પર્શ કરવામાં તેને ઉપયોગ છેઃ—

२ ३ ३ १ ५ १ २ ३ ३
पुनानः सोमा३ धारा २३४ या । आपो वसानो अ-
३ २ २ ^ ३ २ १ २ २
र्षस्या रत्नधा योनिमृतस्यसा २ यिदसायि । ओहा३ उवा
१ ३ ३ ३ २ १ २ २ २ १ २
उत्सो देवो हिरा२३हायि । ओहा२३उवा । ण्यया । औ३-
४ ५ ४ ५ ३ २ २ ४ ५ २ ३
होवा । हो५इ । डा ॥ ४ ॥ पुना३ १ । ना३ः सो । म । धारा
५ १ २ १ ^ ३ २ ३ ५
२३४ या । आपो ३ । वसा २ । न आ ३४५ । षा २३४ सी ।
२३ १ २ १ २ ३ १ ^ ३ २ ३ ५
आरान्नधाः । यो । निमृता २ । स्यसा ३४५यि । दा २३४ सी ।
२ ^ १ ^ ३ २ ३ ५
उत्सा २ः । दायिवो २ । हिरा ३४५ । ण्या २३४ याः ॥५॥

ભાવાર્થઃ—હે પવિત્ર કરનાર સોમ! આપ જલોને આચ્છાદન કરતા છતા, પોતાની ધારાથી દ્રોણકલશમાં—એક પ્રકારના યજ્ઞપાત્રમાં—ગમન કરો છો, વળી રમણીય ધનોને આપનાર આપ યજ્ઞના સ્થાનને પ્રાપ્ત થાઓ છો, અને શોભતા છતા દેવતાઓના હિતકારી અને રમણીય થાઓ છો. ૫

નીચેના પ્રાણ અને અપાન એ બે સામના વસિષ્ઠ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને ઇંદ્ર દેવતા છે, અને નાસિકાને સ્પર્શ કરવામાં તેને ઉપયોગ છેઃ–

२ र १र १र २१ २
हाउ । ३ । आयुः । ३ । सात्यं । ३ । इंद्रं नरो । ने३-
१ २र ३ ४ ५ २ १र २१ २ ३ ४ ५
मधि । ताहवंतायि । यत्पारियाः । युनज । तायिधियस्ताः ।
२र १र २ १ २ ३ ४र ५ २र १र २ १र
शूरोनृषा । ता३श्रव । सश्वकामायि । आगोमतायि । व्रजेभ ।
२र ३४ ५ २र १र १र ३ २
जातुवन्नाः । हाउ । ३ । आयुः । ३ । सात्यं । २ । सत्या
५ र र ३ १ १ १ १ २ र १र र २
३४ । औहोवा । इ२३४५ ॥ ६ ॥ हाउ । ३ । आ नो हिय
२ र१ २१ २ १ २र३४ ५ २
। ३ । मनदोहं । ३ । इंद्रं नरो । ने३मधि । ताहवंतायि । य-
१र २ १ २ ३ ४ ५ २र १र २ १
त्पारियाः । युनज । तायिधियस्ताः । शूरोनृषा । ता३ श्रव ।
२ ३४र ५ २र १र २ १र २र ३ ४ ५ २र
सश्वकामायि । आगोमतायि । व्रजेभ । जातुवन्नाः । हाउ ।
१२र २ २ र१ १ ३र२
३ । आनोहिय । ३ । मनदोहं । २ । मना२३ । दोहा ३४ ।
५र २ ३ १ १ १ १
औहोवा । इ २३४५ ॥ ७ ॥

ભાવાર્થઃ—**हाउ** એ **अहो**નું વર્ણનો વિપર્યય થવાથી થયેલું રૂપ છે. તેનો અર્થ આશ્ચર્ય છે એવો થાય છે. જ્યારે યુદ્ધમાં રક્ષાના હેતુભૂત તે પ્રસિદ્ધ કર્મો યોજાય છે ત્યારે સંગ્રામ કરનારા મનુષ્યો સંગ્રામમાં જે ઇંદ્રનું આવાહન કરે છે તે વીર મનુષ્યોના વિભાગ કરીને તેમને જે સ્થાનપર રાખવા જોઈએ તે સ્થાનપર રાખે છે તે આપ અન્ન અથવા બલ પ્રાપ્ત કરવાની

અભિલાષા થયે અમને ગાય આદિ પશુઓથી યુક્ત ગાયોના નિવાસમાં ભાગવાળા કરો. ૬–૭

નીચેના બૃહત્ અને રથંતર એ બે સામના ભરદ્વાજ ને વસિષ્ઠ ઋષિ, બૃહતી છંદ ને ઇંદ્ર દેવતા છે, અને શ્રોત્રનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ—

२र र र र २ २र१र २ १ २ ३
औहोयिन्वामिद्धिहवामहा३ ए । सातौवाजा । स्याकारा
५ १ २ ३र४र५ २ १ १ २
२३४ वाः । तु वा ३४ । औहोवा । वृत्रायिषु वायि । द्रासा
१ २ ३ ५ १र र २ ३र४र५
३१ त् । पतिंना २३४ राः । त्वां काष्ठा ३४ । औहोवा ।
१ ४ ५ ५ १
सू२अर्वा २३४ । ताः । उहुवा ६हाउ । वा । हस् ॥ ८ ॥

ભાવાર્થઃ—હે ઇંદ્ર! સ્તુતિ કરનારા અમે અન્નનું દાન આપવાનિમિત્ત આપનેજ સ્તુતિઓથી પોકારીએ છીએ. હે ઇંદ્ર! સજ્જનોના પાલક આપનું અન્ય મનુષ્યો શત્રુઓને જિતવાનિમિત્ત આહ્વાન કરે છે, અને અશ્વસંબંધી સંગ્રામોમાં યુદ્ધની ઇચ્છા રાખનારાઓ જય મેળવવા આપનેજ નિમંત્રે છે તેમ અમે પણ આ કાર્યની સિદ્ધિમાટે આપનેજ માનપૂર્વક નિમંત્રીએ છીએ. ૮

२उ३ र र र १ १ २र र २र
आभित्वा शूरनोनु मोवा । आदुग्धा इव धेनव ईशा
१ ३ २ १ र२ १ ४
नमस्य जगतः । सुवा २३ र्दे शाम् । आयिशानमा २३ यिंद्रा
१ २ र५ ५ १
३ । तास्थू २३४ षा । ओवा ६ । हाउवा । अस् ॥ ९ ॥

ભાવાર્થઃ—હે પરાક્રમી ઈંદ્ર ! જેમ દોહ્યાવિનાની ગાય વાછડી કે વાછડાભણી પ્રેમપૂર્વક હુંકાર શબ્દ કરે છે તેમ અમે જંગમ જગતના સ્વામી તથા સ્થાવર જગતના સ્વામી ને સર્વજ્ઞ એવા આપને વારંવાર સપ્રેમ પ્રણામ કરીએ છીએ. ૯

નીચેના સેતુસામના પ્રજાપતિ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને પરમાત્મા દેવતા છે, અને મુખનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ—

हाउ । ३ । सेतूढ्—स्तर । ३ । दुस्त । रान् । ३ ।
दा ने नादानं ।३। हाउ ।३। अहमस्मि प्रथम जा ऋता २३
स्या ३४५ । हाउ । ३ । सेतूढ्—स्तर । ३ । दुस्त । रान् ।३।
अक्रोधेन क्रोधं । २ । अक्रोधेन क्रोधं । हाउ । ३ । पूर्वे दे-
वेभ्यो अमृतस्यना २३ मा ३४५ । हाउ । ३ । सेतूढ्—स्त-
र ।३। दुस्त । रान् । ३ । श्रद्धया श्रद्धाम् । ३ । हाउ । ३ ।
यो मा ददाति स इ देवमा २३ वा ३४५ त् । हाउ । ३ ।
सेतूढ्—स्तर ।३। दुस्त । रान् ।३। सत्येनानृतं । ३ । हाउ
। ३ । अहमन्नमन्नमदंतमा २३ द्मी ३४५ । हाउ३वा । एषा-
गतिः ।३। एतदमृतं ।३। स्वर्गच्छ । ३ । ज्योतिर्गच्छ । ३ ।
सेतूढ्—स्तीर्त्वा चतुरा २३४५ः ॥ १० ॥

ભાવાર્થ:–અન્નના અધિષ્ઠાતા દેવ કહે છેઃ–હું અન્નદેવ અગ્નિ ને વરુણ આદિ દેવતાઓથી પૂર્વ છું. હું નિશ્ચય વિનાશરહિત ને સત્યસ્વરૂપ પરમાત્માનો સર્વથી પ્રથમ ઉપજનાર પ્રસિદ્ધ પદાર્થ છું. જે પુરુષ અન્નને અતિથિઓને માટે આપે છે તેજ આ પ્રસિદ્ધ રીતિથી સર્વપ્રાણીઓની રક્ષા કરે છે, અને જે પુરુષ લોભયુક્ત થઇ પ્રાણીઓને અન્ન આપતો નથી, અર્થાત્ કેવલ પોતેજ ભક્ષણ કરે છે તે નાનાપ્રકારના અન્નનું ભક્ષણ કરનાર લોભીને હું (અન્નદેવ) ભક્ષણ કરું છું, અર્થાત તેવા લોભી પુરુષના સર્વસ્વનો હું નાશ કરું છું. ૧૦

संतेपयाद्द–स्ति०—એ મંત્રના સોમ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને સોમ દેવતા છે, અને જિહ્વાનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ–

१२ — २१२ २ १ २ ३ ४२ ५ २
ओवा र ।३। संतेपया । सी३ समु । यं तु वाजाः । सं-
१ २ १ २२ ३ ४२ ५ २२ १२ २ १
वृष्णिया । नी३ अभि । मातिषाहाः । आप्यायमा । नो३अमृ ।
२ २३ ४२ ५ २ १ २ १ २२ ३ ४ ५ १२ —
ताय सोमा । दिविश्रवा । सी३ उत्त । मानिधिष्वा । ओवार ।२।
१ ^ ३ ५२ २ १
ओर । वा २३४ । औहोवा । प्न्य ।३। ॥ ११ ॥

ભાવાર્થ:–હે સોમ! શત્રુઓનો નાશ કરનારા આપને હોમવામાટે નિયત કરેલ ક્ષીર પ્રાપ્ત થાઓ, હવિષરૂપ અન્ન આપને પ્રાપ્ત થાઓ, અને વીર્ય (બલ) પણ આપને પ્રાપ્ત થાઓ, અર્થાત્ એ સર્વને આપ ગ્રહણ કરો. હે સોમ! આપ

અમરપણામાટે ચારે તરફથી વૃદ્ધિ પામતા છતા, સ્વર્ગમાં અમારે ભક્ષણ કરવાયોગ્ય ઉત્તમ હવિષ્રૂપ અન્નોને ધારણ કરો છો. ૧૧

નીચેના **जराबोध०** એ સામના **અગ્નિ** ઋષિ, ગાયત્રી છંદ ને રુદ્ર દેવતા છે, અને ગ્રીવાનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ-

५ २ ३ ४ ५ १ २ १ २ १ २
जराबोधोवा । ताद्विविड्ढायि । विशायिवा २३ यिशे ।
२ १२ १२ ७ ४ ५ ३२ २
यज्ञियाया । स्तोमाद्-रुद्रा २३ या । दृशीको ३४५ इ । डा
॥ १२ ॥

ભાવાર્થઃ—હે સ્તુતિઓથી પ્રજ્વલિત થનાર અગ્નિદેવ ! આપનું આરાધન કરનારી તે તે પ્રજાપર અનુગ્રહ કરવાને, અને યજ્ઞસંબધી અનુષ્ઠાનની સિદ્ધિમાટે આપ યજ્ઞસ્થાનમાં પ્રવેશ કરો. યજમાન પણ જ્વાલાથી ઉગ્રરૂપ ધારણ કરનાર આપની પ્રસન્નતામાં હેતુરૂપ શ્રદ્ધાથી સારી રીતે સ્તુતિ કરે છે. ૧૨

વ્રત અને પક્ષ એ બે સામના **પ્રજાપતિ** ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને ઇંદ્ર દેવતા છે, અને બંને ખભાનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ-

२२ १ २ २२
हाउ । ३ । हद्-हद्-हद्-हद्- । ३ । हाउ । ३ ।
२१ २ १ २२३४ ५ २ १२ २ १ २
इंद्रं नरो । ने ३ मधि । ताहवंतायि । यत्पारियाः । युनजाता

३ ४ ५ २र१र २ १ २३४र५ २र १र
यि धियस्ताः । शूरो नृषा । ता३श्रव । सश्वकामायि । आगोम-
२१र २र३४५ २र १ २
तायि । व्रजेभ । जातुवन्नाः । हाउ । ३ । हद्-हद्-हद्-हद्-
२ ऽऽ २ ३ १ १ १ १ २र
। ३ । हाउ ३ । वा ३ । ई २३४५ ॥ १३ ॥ हाउ । ३ ।
१ १ २ २र २१ २ १
इहा । हद्-हद्-हद्-। ३ । हाउ । ३ । इंद्रं नरो । ने३मधि ।
२२३४५ २१र २१ २ ३४५ २र१२
ताहवंतायि । यत्पारियाः । युनज । तायि धियस्ताः । शूरो नृषा ।
२ १ २३४र५ २र१र २१र २र३४५
ता३श्रव । सश्वकामायि । आगोमतायि । व्रजेभ । जातुवन्नाः ।
२र १ १ २ २ऽऽ २ ३
हाउ । ३ । इहा । हद्-हद्-हद्-। ३ । हाउ ३ । वा ३ । ई
१ १ १ १
२३४५ ॥ १४ ॥

આ તેરમા ને ચૌદમા સામનો અર્થ આગળ છઠ્ઠા ને સાતમા સામમાં આવી ગયો છે.

અશ્વી અને વ્રત એ બે સામના બે અશ્વિન ઋષિ, બૃહતી છંદ ને બે અશ્વિન દેવતા છે, અને બાહુનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ—

२र २ र २ र र २ १
हो इहा ३ । इहो इहा ३ । ३ । इमाउवां दिविष्टया ओ-
२ २ र २ २ १ २ २ २ २ २ २ २
हाउ । उस्राहवंते अश्विना ओ हाउ । अयं वामह्वसेशची वसू
१ २ २ २ १ २ २२ २ र
ओ हाउ । विशंविशद्-हिगछथा ओ हाउ । हो इहा ३ । इहो

२२ २ २ ५२ २ १
इहा ३ । २ । होइहा३ । ईहो इहा २३४ । औहोवा । ई५
१ २२ ३२ २ १ ३ २ १ ३ २ २ २ २
ही ही ही ही हि ॥ १५ ॥ हो इहा । इहो इहा । ३ । इमाउत्वा
२ १ २ २ २ २ २ १ २ २
दिविष्टया हो हाउ । उस्राहवंते अश्विना हो हाउ । अयं
१ २ २ २ २ १ २ २ २ १ २
वामह्वे वसे शची वसू हो हाउ । विशंविशद्–हिगछथा हो हाउ ।
१ ३ २ १ ३ २ १ ३ २ १ ३ २ ५२ २
हो इहा । इहोइहा । २ । हो इहा । इहोइहा ३४ । औहोवा ।
१
इ २ । ३ ॥ १६ ॥

ભાવાર્થઃ–હે અશ્વિનીકુમારો ! આ સ્વર્ગલોકને ઇચ્છનારી પ્રજાઓ ને ઋત્વિજો પણ વ્યાપકસ્વરૂપવાળા આપ બંનેનું આહ્વાન કરે છે. આ આપનું સ્તવન કરનારો હું પણ હે કર્મને ધન માનનારાઓ ! આપ બંનેનું મારી રક્ષામાટે, અથવા આપ બંનેને તૃપ્ત કરવામાટે આવાહન કરું છું, કારણકે આપ બંને આપની સ્તુતિ કરનારી સર્વ પ્રજાની સમીપ જાઓ છો. ૧૬

इमा: प्रजा: એ સામના પ્રજાપતિ ઋષિ, યજુષ્ છંદ અને પ્રજાપતિ દેવતા છે.

मनोजयित० એ સામના દિશ ઋષિ, અનુષ્ટુપ્ છંદ ને વિશ્વેદેવા દેવતા છે, અને હૃદયનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છે:–

२१ १ १ १ १ १ २ २ १ १
हाउ ।३। इमाः । ३ । प्रजाः । ३ । प्रजापते । होइ । २ ।

१ १ २ १ २ १ २१ १ २ २१ १ २
प्रजापते । हा ३१ उ । वा २ । ए । हृदयं । २ । ए ।हृदया३

२ १ १ १ २१ १ १ १ १ १
१उ । वा २ । प्रजारूपमजीजने३ । इट्‌इडा २३४५ ॥१७॥

२१ १ २ २ १ २ १ १
हाउ । ३ । मनोजयित् । ३ । हृदयमजयित् । ३ । इंद्रो

२ २ १ २ २ २२ १ २ २ १ २
जयित् ।३। अहमजैषं ।३। हाउ ।३। यद्वर्चो हिरण्य ।

१ ५ ५ १ २ २ १ २ २ १ २ २ १ २ १ २ १ २ २ १ १ ५ ५
स्या । यद्वा वर्चो गवामु । ता । सत्यस्य ब्रह्मणो व । चाः ।

१ २ २ २ १ २२ १ २२ १ २ २ १ २
तेन मासह्-सृजाम। सायि। हाउ ।३। मनोजयित् । ३। हृदय-

१ २ २ २ १ २२ २ ५ ५
मजयित् । ३ । इंद्रोजयित् । ३ । अहमजैषं । ३ । हाउ ३। वा।

२२ १ २ २ १ २ १ २ २ १ २२ २-२
ए । मनोजयिद्धृदयमजयिदिंद्रोजयिदहमजैषं । ३ । ए ।

२ १ २ ३ १ १ १ १
अहᳶसुवर्ज्योती २३४५ः ॥ १८ ॥

ભાવાર્થઃ—હે પ્રજાપતે ! આ પ્રજાઓ પોતાના હૃદયમાંથી પોતાના હૃદયરૂપ પ્રજાને ઉપજાવતી હવી. ૧૭

ઇંદ્ર મનને જિતતા હવા. તે હૃદયને જિતતા હવા. તે અન્યને જિતતા હવા. હું પણ જય પામતો હવો. જે સોનાનું તેજ છે, અથવા જે ગાયોનું તેજ છે તે સત્યબ્રહ્મનું છે. તે તેજવડે મને યુક્ત કરો. હું સ્વર્ગના પ્રકાશરૂપ છું. ૧૮

पिबा सुतस्य०—એ મંત્રના જમદગ્નિ ઋષિ, બૃહતી છંદ ને ઇંદ્ર દેવતા છે, અને પૃષ્ઠભાગનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ-

५४ २३४ ५ १ २ २ १
पिबा३सुतस्यरसिनाः । मत्स्वान इंद्रगोमता २३ होइया ।
२२ १ २ २ २ २ १ २ १२
आपिर्नो बोधिसधमाद्ये वृधा २३ हो इया । अस्माद्-आ
२ २ १ २ १
२३ वा । तुतायिधा २३ या ३४३: । ओ २३४५ यि ।
५
डा ॥ १९ ॥

ભાવાર્થઃ—હે ઇંદ્ર! ગાયના રસવાળા દૂધઘૃતાદિથી યુક્ત અમારા સંપાદન કરેલા સોમનું આપ પાન કરો, ને પીને પ્રસન્ન થાઓ, અને જેમાં દેવતાઓ શીઘ્ર પ્રસન્ન થાય છે એવા યજ્ઞમાં ધનાદિ આપનાર આપ બાંધવ બનતા છતા અમારી વૃદ્ધિને માટે આપ સાવધાન થાઓ. આપના અનુગ્રહ કરનારા વિચારો અમારી—આપની સ્તુતિ કરનારાઓની—રક્ષા કરો. ૧૯

आजुहोता०—એ મંત્રના શ્યાવાશ્વ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને અગ્નિ દેવતા છે, અને નાભિનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ-

४२५२४ २१२ १ १२२
आजुहोता । हविषामर्जया २ ध्वा उवार । निहोतारं
१ ३२ ३२ १
गृहपतिं दधार यिध्वा उवा २३४ । इडा ३४ स्पदायि । नम-

सारातहाव्यारम् । सापर्यता । याजतंपा २१ । स्तियोवा । आ५नो ६ हायि ॥ २० ॥

ભાવાર્થઃ—હે ઋત્વિજો ! અગ્નિનું આવાહન કરો, ને હવિષ્ આપી તેમને સુખી કરો. દેવોનું આવાહન કરનારા ગૃહ-રક્ષક અગ્નિને ભૂમિની ઉત્તરવેદીમાં પૂર્ણરૂપથી સ્થાપન કરો, ને નમસ્કારપૂર્વક હુતદ્રવ્ય અર્પણ કરવામાં આવ્યું છે એવા તે પૂજનીય અગ્નિની યજ્ઞગૃહોની મધ્યે સારી રીતે પરિચર્યા કરો. ૨૦

आतून० એ પ્રથમના બે સામના ગૌરીવિતિ ઋષિ, ગાયત્રી છંદ ને ઈંદ્ર દેવતા છે, અને ઉદરનો સ્પર્શ કરવામાં તેનો ઉપ-યોગ છેઃ—

आतूनआ । द्रक्षुमा २३ ताम् । चायित्रं ग्राभा २३ हृ-हायि । संगृरभाया । महाहस्तो २३४ हायि । दक्षार यिणा-यिना । महा २३ । हारस्ता २३४ औहोवा । दक्षिणे३ना २३४५ ॥ २१ ॥

आतून इंद्र क्षुमाऽताम् । चित्रा २हृ-ग्रा २३४ भाम् । संगृभा २३४ या । मा३हा ३ । हारस्ता२३४ औहोवा । द-क्षिणे ना २३४५ ॥ २२ ॥

આ બે સામનો અર્થ આગળ ૨૩–૨૪ સામની નીચે આપ્યો છે.

પછીના એજ બે સામના આકૂપાર ઋષિ, ગાયત્રી છંદ ને ઇંદ્ર દેવતા છે, અને કેડનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ—

४२र५४ ५ ०५ २१ र १
आतूनइ । द्रक्षुमा३ताम् । चित्रं ग्राभद्–संगृभा२या ।
२१ र १ २ २^ ३ ५ २र१
चित्रं ग्राभद्–सं । गृ। औ३ होइ । भा २३४ या । ऐहोयि ।
१र र १ २र१ ३र ५ ४
महाहस्तीदक्षा २३ होयि । औहो। वाहो २३४ वा । णा ५
५
यिनो३हाइ ॥ २३ ॥

५र र ०५ २१ र र २१
आतून इंद्र क्षुमा३ताम् । चित्रं ग्राभद्–संगृभाया । चित्रं
र १ २ ५ ३ ५ २र१
ग्राभद्–सं । गृ २३ । इं ३४ हा । भा २३४ या । ऐ होयि ।
१र र १ २र१ ३र ५ ४
महाहस्ती दक्षा २३ होयि । औहो । वाहो २३४ वा । णा ५
५
यिनो३हायि ॥ २४ ॥

ભાવાર્થઃ—હે ઇંદ્ર ! મોટી મોટી ભુજાવાળા આપ અમારા–માટે સ્તુતિયોગ્ય, વિચિત્ર અને ગ્રહણ કરવાયોગ્ય ધનને આપના દક્ષિણ (જમણા) હાથવડે અમારી સંમુખ થઈ ગ્રહણ કરો. ૨૧–૨૪

सफ અને **पौष्कल**દેવવાળા સામના **પ્રજાપતિ** ઋષિ, ઉષ્ણિક્ છંદ ને સોમ દેવતા છે, અને બંને વૃષણનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ—

२ १ २ ४ ५ २ ^३ ५ २ १ २२ १ २ १
पवस्वा३ मधु । मत्ता २३४ माः । इंद्राय सोमा२ । क्रतु-
२ ४ २ ^ ५ऽऽ २ १ १ २ ४
वा यित्ता३मो ३ । मा ३२३४ दाः । महायि । द्युक्षाता३मो३ ।
२ ५
मा ३४५ दो६ हायि ॥ २५ ॥

ભાવાર્થ:—હે સોમ! અત્યંત મધુરતાથી યુક્ત, બુદ્ધિને અથવા કર્મફલને આપનાર, પૂજનીય, અત્યંત પ્રકાશવાન ને આનંદદાતા આપ ઇંદ્રને માટે મદ ઉપજાવનારા થતા છતા અહીં પાત્રમાં પ્રાપ્ત થાઓ. ૨૫

२ १ २ ४ ५ २ ^३ ५ २ १ २ १ १ २ ^३
इंद्रमा३च्छसु । ता ई२३४मायि । वृषाणंया । तू हारा
५ २ १ २ ७ ^०३ २
२३४याः । श्रुष्टायिजाता । सई२ दा २३४५ वा ६५६ः । सु-
१ ३ १ १ १ १
र्वविंदा २३४५ः ॥ २६ ॥

ભાવાર્થ:—શીઘ્ર ઉત્પન્ન થયેલો, પાત્રોમાં ઝરતો, સર્વજ્ઞ, લીલાવર્ણવાળો ને સંસ્કાર કરેલો આ સોમ ઇચ્છિતનો વરસાદ વર્ષાવનારા ઇંદ્રને પ્રાપ્ત થાઓ. ૨૬

શ્યાવાશ્વાંધીગુવાળા સામના **શ્યાવાશ્વાંધીગુ** ઋષિ, અનુષ્ટુપ્ છંદ ને સોમ દેવતા છે, અને બે ઊરુનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છેઃ—

३ २ ३ ४ २ ५ २ ४ ४ ५ १
पुरो ३१। जी३ती । वो अ । धा२सः । एहिया । तू ।
२ २ २ १ – १२ – २ १२
तायमादा । यि । त्नवा२ यि । ए हि या२ । अपश्वानद्-
२ ४ ३ ५ २२ – १२ –
श्रा३थी ३ । ष्टा २३४ ना । ऐहा २ यि । एहिया २ ।
२ २ १२ २ ४ २ ५
सखायो दायिर्घा ३ जी ३ । ह्वा ३४५ योऽहायि ॥ २७ ॥
५ २ २ • ५ २१२ २ २ १ –
पुरो जितीवो४धासाः । सुतायमादा २३ या । हुंमा २१२ ।
१ २ २ २ १ २ २ –१ १
त्नवे अपश्वानद्-श्नथिष्टन । साखा३ उवा । यो२दी । घ्री
२ २ १ १ ४ ५ ४ ५
२३जी । ह्वियाम् । औ२३ होवा । हो५इ । डा ॥ २८ ॥

ભાવાર્થઃ—હે સ્તુતિ કરનારાઓ ! આપ જેની પાસે જય રહેલ છે એવા માન કરવાયોગ્ય સોમના સંસ્કાર કરાયેલા અને અત્યંત મદયુક્ત રસની રક્ષામાટે લાંબી જીભવાળા શ્વાનને દૂર કરો, અર્થાત્ મંત્રોથી પવિત્ર થયેલા સોમને શ્વાન અને રાક્ષસો ઉચ્છિષ્ટ ન કરે તેમ કરો. ૨૭–૨૮

રાજાન અને રૌહિણુના ઇંદ્ર ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને ઇંદ્ર દેવતા છે, અને બંને જાનુને। સ્પર્શ કરવામાં તેને। ઉપયોગ છે.

१ १ १ ३२ २२ ३२ २२
हुं । ३ । हो । ३ । हठ्-। ३ । औहो । ३ । औहोयि
२ १ २ १ २२३४५ १ २ २ १
। ३ । इंद्रंनरो । ने३मधि । ताहवंतायि । ३ । वयोबृहत् । ३ ।

१ ३ २ ३१ २ ३ २ १३ २ १ २ऽऽ ३ ४
विभ्राष्टये विधर्मणे । ३ । यत्पारियाः । युनज । तायि धिय-
५ २ १ २ १ २३ १३
स्ताः । ३ । सत्यमोजः । ३ । रजःसुवः । ३ । शूरो नृषा ।
२ १ २ ३ ४३ ५ २ १ २ २ १ ३
ता३श्रव । सश्वकामायि । ३ । भद्रद्–सुधा । २ । भद्रद्–सुधे।
३ १ ३ २३ १३ २ १३ २३ ३ ४ ५
षमूर्जे । इषमूर्ज । २ । आगोमतायि । व्रजेभ । जातुर्वनाः
२ १ २ १ २ १ २ १ २
। ३ । बृहद्यशः । ३ । दिविदधे ३ हस् । २ । दिविदधे ३ ।
२ऽऽ १३ ३ ३ ३३ ३२ऽ३ १ १ १ १
हाउवा । वागीडा सुवो बृहद्भा २३४५ः ॥ २९ ॥

२३ १ २ १ २ १ २ १
हाउ३ । आयिही । ३ आयिहिया ।३। आसाउ ।३। आ
२ १ २ १ १ ३ ३ ३
याम् । ३ । नामाः । ३ । किट् । २ । इंद्रं नरो नेमधिता
१ १ ३ २ ३ १ १ ३ ३ २ २
हवारन्तायि । यत्पार्था युनजते धियारस्ताः । शूरो नृषाता
१ १ २ २ ३ ३ १ १
श्रवसश्वकारमायि । आगोमति व्रजेभ जातु वारन्नाः । मना
१ १ २ १ १ १ १३
२३ होयि । प्राणा २३ होयि । चक्षु २३ होयि । श्रोत्रा-
१ १३ १ १ १ १३
२३ हृ–होयि । घोषा २३ होयि । व्रता २३ हृ–होयि । भूता
१ १२ १ १ १
२३ हृ–होयि । पाना २३ हृ–होयि । चित्ता २३ हृ–होयि ।

धीता २३ हृ–हौयि । सुवा २३ हौयि । ज्योता २३ यिहोर ।
वा २३४ औहोवा । ऊ २३४५ ॥ ३० ॥

આ બે સામનો ભાવાર્થ પૂર્વના ૬–૭ સામના ભાવાર્થરૂપ છે.

प्रथे० એ મંત્રના દિશ ઋષિ, અનુષ્ટુપ છંદ અને વિશ્વેદેવા દેવતા છે.

प्रतिष्ठासि० એ મંત્રના ઘો ઋષિ, જગતી છંદ ને દ્યાવાપૃથિવી દેવતા છે, અને બંને ચરણનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છે.

हाउ । २ । प्रथे । ३ । प्रत्यष्ठां । ३ । हाउ । २ । यद्वर्चो
हिरण्य । स्या । यद्वा वर्च्चों गवामु । ता । सत्यस्य ब्रह्मणोव ।
चाः । तेन मासहृ–सृजाम । सायि । हाउ । ३ । प्रथे । ३ ।
प्रत्यष्ठां । ३ । हाउ ३ । वा । ए । प्रथेप्रत्यष्ठां । ३ । ए ।
अहहृ–सुवर्ज्योती २३४५ः ॥ ३१ ॥ प्रतिष्ठासिप्रति । ष्ठा ।
३ । वर्चोसि मनोसि ऐहि । मन्ये वां द्यावापृथिवी सुभोजसा
वैही । ये अप्रथेथाममित मभियोजनामैही । द्यावापृथिवी भव–

२ २र २ २र २ २र   २र २ २   २ १र २
तद्-स्योना ऐही। तेनो मुंचतमद्-हसा ऐही । मतिष्ठासिमति।
१   २ २र   २   २र   २   २र   २ १
ष्ठा । ३ । वर्च्चोसि मनोसि ऐही ३ । हाउवा । ए । भूतं । ३ ॥ ३२ ॥

ભાવાર્થઃ—હિતકારી સુવર્ણનું જે તેજ છે, જે ગાયનું તેજ છે, અને સર્વને માન્ય સત્યસ્વરૂપ વેદનું અથવા બ્રહ્મનું જે તેજ છે, તેઓ સાથે હું સંબંધ પામવાની પ્રાર્થના કરું છું, અર્થાત્ હે પ્રભો ! મારાપર કૃપા કરો, જેથી હું ધનવાળો, પશુવાળો, બ્રહ્મતેજવાળો ને વેદોને જાણનારો થાઉં. દ્યુલોકના અને પૃથિવીલોકના અભિમાની દેવો આપ બન્ને સારી રીતે પાલન કરનારા છો એમ હું માનું છું. આપ બન્ને ધન આદિની ચારે તરફથી પુષ્કલ વૃદ્ધિ કરો. હે દ્યુલોક અને ભૂલોકના અભિમાની દેવો! આપ અમને સુખરૂપ થાઓ. તે દ્યાવાપૃથિવી અમને પાપથી મુક્ત કરો. ૩૧-૩૨

पषोउषा० એ મંત્રના ઉષા ઋષિ, ગાયત્રી છંદ ને અશ્વિનદેવતા છે, અને કવચનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છે.

५र २   १ र २ २   १ २   १ २ २
एषोउषाः । आपूर्विया । व्युच्छति । होवा२हाइ ।
२ १र   २   ३ २   ३र २   २ १
मियादा २३ इवा ३४ः। स्तुषा २४ इवामा ३। श्विनो २३४
४ ४ ५
वा । वृ५होदहायि ॥ ३३ ॥

ભાવાર્થ:–આ અમારાવડે જોવાતી, સર્વની પ્રસન્નતામાં હેતુરૂપ, પ્રથમ મધ્યમરાત્રિ આદિ સમયમાં નહિ રહેનારી, અને આ સમય પ્રતીત થતી ઉષાદેવતા સ્વર્લોકથી આવીને અંધકારનો નાશ કરે છે. હે અશ્વિનીકુમારો ! આ ઉષાસમયે–પ્રભાતસમયે–આપ બન્નેની હું બહુ સ્તુતિ કરું છું. ૩૩

आक्रंदय०–એ મંત્રના **શર્વ** ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને ઇંદ્ર દેવતા છે, અને અસ્ત્રનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છે.

२ २ ३ ३ १ २ १ २ १ १ २

आक्रंदयो वा । कुरु घोषं महा २ । आन्तारमू । हरी

२ २ १ २ २ १ २

इंद्रस्याभियोजया २ । आशूर । मर्मा विधं ददतामन्यो २ ।

१ २ १ २ २ २ १ ^ ३

आन्या रम् । शल्यात्मापततु श्लोकमा २३ । आ २ । छा २३४ ।

५ २ २ १

औहोवा । अस् ॥ ३४ ॥

ભાવાર્થ:—હે સંકટોને હરનાર પ્રભો ! આપ શત્રુના હૃદયને ભેદી નાંખે એવો મહાન્ શબ્દ કરો, શત્રુઓને પરસ્પર સંહાર કરનારા કરો, શત્રુઓને રુદન કરાવો, અને દિશાઓમાં નિવાસ કરનારા ઇંદ્રના શત્રુઓ સત્વર નાશ પામો. ૩૪

मानस्तोके० એ મંત્રના **વસિષ્ઠ** ઋષિ, જગતી છંદ ને રુદ્ર દેવતા છે, અને દિગ્બંધન કરવામાં તેનો ઉપયોગ છે.

मानस्तोके तनये मान आयौ मानो गोषु मानो अश्वेषु-

रीरिषः। वीरान् मा नो रुद्र भामिनो वधीर्हविष्मन्तः सदमित्त्वा हवामहे ॥ ३५ ॥

ભાવાર્થઃ—હે રુદ્ર! અમારા પુત્રને તથા પૌત્રને ન હણો, અમારા જીવનને ન હણો, અમારી ગાયોને ન હણો, અમારા અશ્વોને ન હણો, અને અમારા ક્રોધયુક્ત સેવકોને ન હણો. અમે હવિષ્‌વાળા થઇને સર્વદાજ આપને યાગને માટે આવાહન કરીએ છીએ. ૩૫

એ પ્રમાણે અંગન્યાસ કરી પછી નીચે બતાવ્યા પ્રમાણે ષડંગન્યાસ કરવાઃ—

भ्राजा० એ મંત્રના **સૂર્ય** ઋષિ, ગાયત્રી છંદ ને **અગ્નિ** દેવતા છે, **અને** હૃદયનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છે.

२२ १ २२ — १ २ १२ २ २

भ्राजा। २। भ्राजा ३१ उ। वा२। अग्न आयूंषि

२ १२ २ १२ २ १ २ २ २ १ २ २ २ १ २ २ २ १

पवसे। आसुवोर्जमिषं च नः। आरेबाधस्वदुच्छुनाम्। भ्राजा

२२ — २२ १२

। २। भ्राजा ३१ उ। वा२। ए। भ्राज। ३॥ १॥

हृदयाय नमः એમ બોલી હૃદયને નમન કરવું.

ભાવાર્થઃ—હે **અગ્ને**! આપ આપના તેજવડે અમારાં આયુષ્યોને પવિત્ર કરો છો. આપ અમારા માટે બલ અને અન્ન આપો, ને શ્વાનની પેઠે દુષ્ટ રાક્ષસોને અમારાથી દૂર કરો, તથા તેમને પીડિત કરો. ૧

अबोध्यग्निः० એ મંત્રના પ્રજાપતિ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને અગ્નિ દેવતા છે, અને શિરનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છે.

४ ५र ४ १ २ १ १र १ र९ र १ २ २
अबोधिया । ग्नाईः समिधाजनाऽनाम् । प्रताइधे३नूम् ।
२ र १र र२ १ २ २ १ र९ १र२ १ २र र १ र
इवायतीमुषासं । यह्वाई३वा । प्रवाऽयामुज्जिहानाः । प्रभाना
२ २ र १र २१२ १ २ १
२३ वाः । सस्रते नाकमच्छ । इडा२३ भा ३४३ । ओ २३४५
इ । डा ॥ २ ॥

शिरसे स्वाहा એમ બોલી મસ્તકપર શુભભાવ હોમ્યાની ભાવનાપૂર્વક સ્પર્શ કરવો.

ભાવાર્થઃ-જેમ અગ્નિહોત્રમાટેની ગાયોને હોવાસારુ વહેલાં જાગ્રત્ થવાય છે તેવી રીતે આવતી ઉષાને-પ્રભાતને-સમયે આ અગ્નિ અધ્વર્યુ આદિની સમિધોવડે સારી રીતે જાગ્રત થયો. હવે જાગ્રત્ થયેલા-પ્રજ્વલિત થયેલા-અગ્નિની જ્વાલાઓ મોટા વૃક્ષની ફેલાતી ડાળીઓની પેઠે પોતાના સ્થાનને ત્યાગતી છતી અંતરિક્ષપર્યંત સારી રીતે ફેલાય છે. ૨

अदर्दरुत्० એ મંત્રના ઉરુક્ષય ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને ઇંદ્ર દેવતા છે, અને શિખાનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છે.

४ ५ ४ २ र १ २ २ १ ५
अदर्दरुत् । समसृजो विखानि । त्वमर्णा २३४ वान् ।
२ र र १ २उउ २ १र ५ २ १ २
बद्धधानाद्-अराम्णाः । महांता २३४ मी । द्रपर्वतं वियाद्धः ।

२ १ ३ १ २ १ २ ३ १ २
सृजाद्धा २३४ राः । अवयद्दान । वा २३ न्हा ३४३ न् ।
१ ५
ओ २३४५ इ । डा ॥ ३ ॥

शिखायै वषट् એમ બોલી શિખાને સ્પર્શ કરવો.

ભાવાર્થ:—હે ઇંદ્ર ! આપે જલથી ભરપૂર મેઘનું વિદારણ કર્યું છે. વળી મેઘમાંથી જલ વહેવાના દ્વારને વિશેષરૂપથી રચેલ છે. અટકી રહેલા મેઘોને વર્ષાવ્યા છે, વળી આપે મોટા મેઘને વિસ્તારેલ છે, ને જલની ધારાઓને છોડી છે, તથા દાનવોનો નાશ કર્યો છે. ૩

आमंद्रैः० એ મંત્રના **વામ્ન** ઋષિ, બૃહતી છંદ ને ઇંદ્ર દેવતા છે, અને કવચનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છે.

५ २ २ २ ३ २ ३ १ २
आमंद्रैरा । द्रहरिभायियाहि मयूर ३ रोम । भा ३यिः ।
४ ५ ४ ५ २ ३ ५ २ २ १ २
मात्वा कायिचित् । नियेमू २३४ रीत् । न पाशिनाः । अति-
१ २ १ १ ३ ५ २ २ ३
धान्वे२ । वताहू—२३ । आ२यिहा २३४ औहोवा । वा
५
२३४ याः ॥ ४ ॥

कवचाय हुं એમ બોલી કવચની ભાવનાપૂર્વક શરીરને સ્પર્શ કરવો.

ભાવાર્થ:–હે ઇંદ્ર ! જેવી રીતે પથિક **મરુદેશનું** અતિશીઘ્ર ઉલ્લંઘન કરે છે તેવી રીતે આપ આનંદ આપનાર મયૂરના

પીંછાના રોમસમાન વાળવાળા અશ્વોસહિત અતિ ઊતાવળે યજ્ઞપ્રતિ આગમન કરો. આપને આગમનમાં કોઇ પણ પ્રતિબંધકરૂપ ન થાઓ. જેવી રીતે પાશયુક્ત વ્યાધો પક્ષીઓને પકડે છે તેવી રીતે આપને કોઇ વિઘ્ન ન કરો, અને આપ અમારી સમીપ પ્રાપ્ત થાઓ. ૪

इदं विष्णुः० એ મંત્રના વિષ્ણુ ઋષિ, ગાયત્રી છંદ ને વિષ્ણુદેવતા છે, અને નેત્રનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છે.

५ ५ १ ^ ३ २ ३ ५ १ २ २
इदाद्मे । विष्णुरः । विचक्रा २३४ मायि । त्रायिधानि ।
२ १ २ – १ – १ २ १ ^ ३
दधायिपा १ दारम् । समूरहो १ । ढा २ ३ मा३ । स्यारपा
५ २ २ २ २
२३४ औहोवा । ए ३ । सूले १ ॥ ५ ॥

नेत्रत्रयाय वौषट् એમ બોલી નેત્રોને સ્પર્શ કરવો.

ભાવાર્થ:–ત્રિવિક્રમાવતાર (વામનાવતાર) ધારણ કરનારા શ્રીભગવાને આ દૃશ્યમાન સર્વજગતનું વિશેષપણે ઉલ્લંઘન કર્યું, ત્યારે ત્રણ પ્રકારથી ચરણકમલને સ્થાપન કરતા આ વિષ્ણુના રજોયુક્ત ચરણસ્થાનમાં આ સર્વજગત્ સમ્યક્પ્રકારથી અંતર્ભૂત થયું. ૫

आवो राजा० એ મંત્રના વામદેવ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને રુદ્ર દેવતા છે, અને અસ્ત્રનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છે.

४२ ५२ २ ४ ३ २ ३ २ ३ ४ ५ १ २२ १
आवो राजा । नमध्व । रस्य रुद्राम् । हो । ता । राम् ।
२ २ २३४ ५ २१ १ २ ३ २
स । त्ययजा३म् । रोदसी योः । अग्निंपु । रा । तनयि । त्नो
३४५ १ २ १ २ १ २ १ २ ४
रचित्तात् । हिरण्य । रू । पा३मव । सा २४३ यि । का३र्णू
५ध्वा ६५६ मू ॥ ६ ॥

अस्त्राय फट् એમ બોલી જમણા હાથને પ્રદક્ષિણાની રીતે મસ્તકની આસપાસ ફેરવી, તે હાથની પહેલી બે આંગળીઓ ડાબી હથેળીપર પછાડવી.

ભાવાર્થ:-હે ઋત્વિજો ! અને યજમાનો ! યજ્ઞના અધિપતિ, દેવતાઓને બોલાવનાર, શત્રુઓને રુદન કરાવનાર, આનંદરૂપ સત્યને પ્રાપ્ત કરાવનાર ને સુવર્ણની તુલ્ય પ્રકાશવાન અગ્નિને તમારી રક્ષામાટે વજ્રની સમાન અતિદુઃખદ મૃત્યુની પૂર્વેજ ચારે તરફથી હુતદ્રવ્યના અર્પણદ્વારા આરાધો. ૬

ઉપર પ્રમાણે ષડંગન્યાસ કરી, પછી દશાક્ષરમંત્રથી નીચે બતાવ્યા પ્રમાણે ન્યાસ કરવા.

ॐ नमो भगवते रुद्राय એ દશાક્ષરમંત્રના પ્રજાપતિ ઋષિ, વિરાટ્ છંદ ને રુદ્રદેવતા છે, અને મંત્રાક્ષરોવડે મસ્તકાદિનો સ્પર્શ કરવામાં તેનો ઉપયોગ છે.

ॐ ॐ नमो मूर्ध्नि એમ બોલી શિરનો સ્પર્શ કરવો. **ॐ नं नमो नासिकायाम्** એમ બોલી નાસિકાનો સ્પર્શ કરવો.

ॐ मों नमो ललाटे[3] એમ બોલી લલાટનો સ્પર્શ કરવો. ॐ भं नमो[4] मुखे એમ બોલી મુખનો સ્પર્શ કરવો. ॐ गं नमः[5] कंठे એમ બોલી કંઠનો સ્પર્શ કરવો. ॐ वं नमो[6] हृदये એમ બોલી હૃદયનો સ્પર્શ કરવો. ॐ तें नमो दक्षिणकरे[7] એમ બોલી જમણા હાથનો સ્પર્શ કરવો. ॐ रुं नमो वामकरे[8] એમ બોલી ડાબા હાથનો સ્પર્શ કરવો. ॐ द्रां नमो नाभौ[9] એમ બોલી નાભિનો સ્પર્શ કરવો. ॐ यं नमः पादयोः[10] એમ બોલી બન્ને પગનો સ્પર્શ કરવો. એ પ્રમાણે દશાક્ષરમંત્રનો ન્યાસ કરી પછી નીચે બતાવ્યા પ્રમાણે શ્રીમહેશ્વરનું ધ્યાન કરવું:—

ध्यायेन् निन्यं महेशं रजतगिरिनिभं चारुचंद्रावतंसं, रत्नाकल्पोज्ज्वलांगं परशुमृगवराभीतिहस्तं प्रसन्नम् । पद्मासीनं समन्तात् स्तुतममरगणैर्व्याघ्रकृत्ति वसानं, विश्वाद्यं विश्ववंद्यं, निखिलभयहरं पंचवक्त्रं त्रिनेत्रम् ॥ १ ॥

अथात्मानं रुद्ररूपं ध्यायेत्पंचमुखं शिवम् । प्रतिवक्त्रं त्रिनेत्रं च दशहस्तं दशायुधम् ॥ २ ॥ कमंडल्वक्षसूत्रं हि बाणशूलधरं हरम् । दंडं डमरुखट्वांगाभयपात्रं पिनाकिनं ॥ ३ ॥ अष्टसिद्धियुतं सौम्यं सर्वाभरणभूषितम् । नीलग्रीवं शशांकार्धशेखरं स्मितसुन्दरम् ॥ ४ ॥ शुद्धस्फटिकसंकाशं नागयज्ञोपवीतिनं । गज-

चर्मपरीधानं व्याघ्रचर्मोत्तरीयकम् ॥ ५ ॥ वृषस्कंधसमारूढमुमादेहार्धधारिणं । दुर्दतं कपिलजटं शिखामुद्योतकारिणं ॥६॥ अमृतेनाप्लुतं हृष्टं दिव्यभोगसमाकुलं । दिग्देवतैः समायुक्तं सुरासुरैर्नमस्कृतं ॥ ७॥ शाश्वतं सच्चिदानंदं ध्रुवमक्षरमव्ययम् । अजेयममृतं नित्यं सर्वव्यापिनमीश्वरम् ॥ ८ ॥

ભાવાર્થ:–રૂપાના પર્વતની તુલ્ય કાંતિવાળા, સુંદર બીજના ચંદ્રના આભૂષણને ધારણ કરનારા, રત્નના સમાન પ્રકાશયુક્ત અવયવવાળા, પરશુ, મૃગ, વરમુદ્રા ને અભયમુદ્રાને હાથમાં ધારણ કરનારા, પદ્માસને સ્થિતિ કરનારા, ચારે તરફ દેવગણોવડે સ્તુતિ કરાયેલા, વ્યાઘ્રનું ચામડું ધારણ કરનારા, વિશ્વના આદિમાં સ્થિત, જગતને વંદવાયોગ્ય, ભક્તોના સમગ્ર ભયને દૂર કરનારા, પાંચ મુખોવાળા, ત્રણ નેત્રવાળા ને પ્રસન્ન મુખમુદ્રાથી વિરાજમાન **શ્રીમહેશ્વરનું** હું નિત્ય ધ્યાન કરું છું. ૧ સર્વના આત્મસ્વરૂપ, પાંચ મુખોવાળા, પ્રત્યેક મુખે ત્રણ નેત્રયુક્ત, દશ હાથવાળા અને દશ આયુધોને ધારણ કરનારા રુદ્રસ્વરૂપ શ્રીમહેશ્વરનું હું ધ્યાન કરું છું. ૨ કમંડલુ, રુદ્રાક્ષની માલા, યજ્ઞોપવીત, બાણ, ત્રિશૂલ, દંડ, ડમરુ, ખાટલાની ઈશ ને પાયાજેવું શસ્ત્ર, અભયપાત્ર અને પિનાકનામનું ધનુષ્ ધારણ કરનારા ને સર્વના દુઃખોને હરનારા, ૩ અણિમાદિ આઠ સિદ્ધિઓથી યુક્ત, પ્રકાશવાન્, સર્વ અલંકારોથી સુશોભિત, શ્યામગ્રીવાવાળા, મુકુટમાં બીજના ચંદ્રને

ધારણ કરનારા ને મંદ હાસ્યથી સુંદર, ૪ નિર્મલ સ્ફટિકના જેવી કાંતિવાળા, યજ્ઞોપવીતને સ્થલે સર્પને ધારણ કરનારા, અંધકાસુરનામના હાથીના ચર્મથી ઢંકાયેલા અને વ્યાઘ્રચર્મરૂપ ઉપવસ્ત્રને ધારણ કરનારા, ૫ બળદની ખાંધઉપર સ્થિતિ કરનારા, **શ્રીપાર્વતી**ને અર્ધદેહરૂપે ધારણ કરનારા, અભક્તોને ભય ઉપજાવે એવા દાંતવાળા, પિંગલવર્ણ જટાયુક્ત અને પ્રકાશયુક્ત શિખાવાળા, ૬ અમૃતથી ભરપૂર, પ્રસન્નસ્વરૂપ, દિવ્યવૈભવોથી યુક્ત, દિશાઓના દેવતાઓથી યુક્ત અને દેવો તથા અસુરોથી વંદન કરાયેલા, ૭ અનાદિસિદ્ધ, સત્, ચિત્ ને આનંદસ્વભાવવાળા, નિશ્ચલ, અવિનાશી, અવિકારી, કોઈથી જિતી ન શકાય એવા, અમર, સદા સ્થિતિ કરનારા, સર્વવ્યાપક અને સર્વના નિયામક **શ્રીમહેશ્વર**નું હું ધ્યાન કરું છું. ૮

એ પ્રમાણે પોતાના હૃદયમાં વિરાજમાન **શ્રીમહેશ્વર**નું ધ્યાન કરી, ॐ **नमो भगवते रुद्राय** એ મંત્રથી **શ્રીમહેશ્વર**ને માનસિક ચંદન, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય અર્પણ કરી, પછી એક ક્ષણ **શ્રીમહેશ્વર**નું ધ્યાન કરવું. એવી રીતે પાંચ માનસોપચારથી પૂજન કરી રહ્યા પછી નીચે બતાવ્યા પ્રમાણે **શ્રીમહેશ્વર**નું બાહ્ય પૂજન કરવાનો આરંભ કરવો. તે આવી રીતે:—કલશમાં **વરુણ**ના આવાહનથી માંડી ઘંટાપૂજનપર્યંત નીચે બતાવેલા વિધિ પ્રમાણે કરવું:—

यदा कदा० એ મંત્રના પજા ઋષિ, બૃહતી છંદ ને **વરુણ** દેવતા છે, અને વરુણનું આવાહન કરવામાં તેનો ઉપયોગ છે.

५ र १ ^३ ५र र ३ ५
ॐ यदा कदा । चा२मा २३४ औहोवा । हू २३४ षे ।
२र १र २र १ र १ २र १ ७
स्तोता जरेत मर्त्तिया३ः । आदिद्वंदे । ता वरुणा २३४ म् ।
३ २ ३ २ १ २र १ १ ^३ ५र र
विपा ३४ गिरा । धार्त्तारांवी २३ । व्रा२ता २३४ औहो वा ।
३ १ १ १ १
ना २३४५ म् ॥ १ ॥

इति साम्ना वरुणमावाहयामि । वरुणाय नमः । सकल-पूजार्थे गंधपुष्पे समर्पयामि ॥

ભાવાર્થ:—જે સમયે હવિષ્ આપનાર યજમાનના યજ્ઞને માટે ઉદ્‌ગાતા સ્તુતિ કરે તે સમયે પાપોને દૂર કરનાર અને નાનાપ્રકારનાં કર્મોને ધારણ કરનાર વરુણનામના દેવતાની વિશેષ રક્ષા કરનારી સ્તુતિ કરે. ૧

આ સામવડે વરુણનું આવાહન કરું છું. વરુણને મારા નમસ્કાર હો. સર્વ પૂજામાટે ગંધપુષ્પ અર્પણ કરું છું. એવી રીતે કલશમાં વરુણદેવનું આવાહન કરી, તેમાં ચંદન તથા પુષ્પ ચઢાવી, પછી નીચેના મંત્રોથી કલશમાં દેવતાઓનું આવાહન કરવું:—

कलशस्य मुखे विष्णुः कंठे रुद्रः समाश्रितः । मूले तस्य स्थितो ब्रह्मा मध्ये मातृगणाः स्मृताः ॥१॥ कुक्षौ तु सागराः सप्त सप्तद्वीपा वसुंधरा । ऋग्वेदोऽथ यजुर्वेदः सामवेदो ह्यथ-

र्वणः ॥२॥ अंगैश्च सहिताः सर्वे कलशं तु समाश्रिताः । शांतिः पुष्टिश्च गायत्री सावित्री च सरस्वती ॥ ३ ॥ सर्वे समुद्राः सरितः सरांसि च जलानि च । आयांतु देवपूजार्थं दुरित-क्षयकारकाः ॥ ४ ॥

ભાવાર્થ:—કલશના મુખમાં વિષ્ણુ છે, કંઠમાં રુદ્ર આ-શ્રય કરીને રહેલા છે. તેના મૂલભાગમાં બ્રહ્મા સ્થિત છે, અને મધ્યમાં માતૃગણો વસે છે. ૧ કલશની અંદર સાત સમુદ્ર અને સાત દ્વીપવાળી પૃથિવી નિવાસ કરે છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ, ૨ સર્વ અંગોની સાથે કલ-શનો આશ્રય કરે છે, અને શાંતિ, પુષ્ટિ, ગાયત્રી, સાવિત્રી ને સરસ્વતી, ૩ સર્વ સમુદ્રો, નદીઓ, તળાવો અને સર્વ પ્રકારનાં જલો પાપોને નાશ કરનારાં થઈ દેવપૂજાને માટે અહીં આગમન કરો. ૪

એ પ્રમાણે કલશપૂજન કરી રહ્યા પછી નીચેના મંત્રથી શંખનું પૂજન કરવું:—

पाञ्चजन्याय विद्महे पावमानाय धीमहि । तन्नः शंखः प्रचोदयात् ॥ १ ॥

ભાવાર્થ:-પવિત્ર કરનાર ને પંચજનના શરીરથી ઉત્પન્ન થયેલ શંખને અમે જાણીએ છીએ, ને તેનું ધ્યાન કરીએ છીએ. તે શંખ અમને સન્માર્ગે પ્રેરે છે. ૧

પછી નીચેના મંત્રથી શંખને સ્નાન કરાવી ચંદન તથા પુષ્પથી તેનું પૂજન કરવું:—

पाञ्चजन्याय नमः । स्नानं समर्पयामि ॥ पाञ्चजन्याय नमः । गंधपुष्पे स० ॥

એવી રીતે શંખનું પૂજન કરી, તેમાં જલ ભરી, પછી નીચેના મંત્રથી ઘંટાનું પૂજન કરવું:—

आगमार्थं तु देवानां गमनार्थं तु रक्षसां । कुरु घंटे रवं तत्र देवताह्लादनं कुरु ॥ १ ॥

ભાવાર્થ:—જ્યાં વૈદિકમંત્રથી દેવતાઓનું આવાહન કરેલું છે ત્યાં દેવતાઓના આગમનમાટે અને રાક્ષસોને દૂર કરવા-માટે હે ઘંટે ! તમે દેવોને આનંદ ઉપજે એવો શબ્દ કરો. ૧

પછી નીચેના મત્રથી ઘંટાનું પૂજન કરવું:—

ॐ जगद्ध्वनि मंत्रमातः स्वाहा नमः । घंटायै नमः । स्नानं समर्पयामि ॥

ભાવાર્થ:-જગતના ધ્વનિરૂપ અને મંત્રની માતારૂપ હે ઘંટે ! આ સર્વ ઉપચાર આપને સારી રીતે પ્રાપ્ત થાઓ. આપને નમસ્કાર. ઘંટાને નમસ્કાર. આપને સ્નાન અર્પણ કરું છું.

પછી નીચે પ્રમાણે બોલી ઘંટાને ચંદન તથા પુષ્પો અર્પણ કરવાં:—

ॐ जगद्ध्वनि मंत्रमातः स्वाहा नमः । घंटायै नमः । गंधपुष्पे समर्पयामि ॥

પછી શંખમાં ભરી રાખેલ જલવડે પોતાના શરીરને તથા પૂજાના સર્વ સાહિત્યને પ્રોક્ષણ કરી, પછી પોતાની સંમુખ કાષ્ઠની નાની ઘોડીપર અથવા નાના પાટલાઉપર તરભાણું મૂકી, પછી આ પ્રમાણે રુદ્રગાયત્રીમંત્ર બોલી તેમાં શુદ્ધ જલ પૂરવું:—

ॐ तत्पुरुषाय विद्महे महादेवाय धीमही तन्नो रुद्रः प्रचोदयात् ॥

ભાવાર્થ:—અમે તત્પુરુષરૂપ બ્રહ્મને જાણીએ છીએ. મહાદેવનું અમે ધ્યાન કરીએ છીએ. તે રુદ્ર (પરમાત્મા) અમને શુભ કર્મોમાં પ્રેરે છે.

પછી પોતાની સંમુખ શુદ્ધ જલથી ભરેલા પાત્રમાં ચંદન તથા પુષ્પ નાંખી, પછી ઉપર પ્રમાણે શ્રીરુદ્રગાયત્રીથી તે જલનું અભિમંત્રણ કરી, પશ્ચાત્ તે જલવડે સર્વ પૂજાસાહિત્યને સંપ્રોક્ષણ કરી, પછી **ॐ नमो भगवते रुद्राय** એ દશાક્ષરમંત્રથી પોતાની સંમુખ રાખેલા પાટલાપર શ્રીમહેશ્વરના લિંગની સ્થાપના કરી તેમાં શ્રીમહેશ્વરનું આવાહન કરવું. બાણરૂપે સ્થિત લિંગ અથવા શાલિગ્રામનું આવાહન તથા વિસર્જન ન કરવાં, પણ આવાહનને સ્થાને **मंत्रपुष्पं समर्पयामि** એમ બોલી મંત્રપુષ્પ અર્પણ કરવું. પછી નીચેના મંત્રોથી પૂજનનો પ્રારંભ કરવો:—

आ वो राजा०—એ મંત્રના **વામદેવ** ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને રુદ્રદેવતા છે, અને **શ્રીરુદ્રનું** આવાહન કરવામાં તેનો ઉપયોગ

છે. પછી **आवो राजा०** એ મંત્ર [આ સામ ને તેનો અર્થ અસ્ત્રના સ્પર્શપ્રસંગે પૂર્વે આવી ગયો છે.] પૂરો ભણી, રુદ્ર-ગાયત્રીનો પાઠ કરી, નીચે પ્રમાણે મંત્રો ભણી, શ્રીમહેશ્વરનાં આવાહનપ્રાર્થના કરવાં:—

देवेश भक्तिसुलभ परिवारसमन्वित । यावत्त्वां पूजयिष्यामि तावद्देव इहावह ॥ १ ॥

ભાવાર્થ:—હે દેવોના સ્વામિન્! હે ભક્તિવડે સુખપૂર્વક પ્રાપ્ત થનારા! હે ગણેશાદિ સર્વ પરિવારથી યુક્ત! જ્યાંસુધી હું આપની પૂજા કરી રહું ત્યાંસુધી આપ અહીં પધારી સ્થિતિ કરો. ૧

એ મંત્ર બોલી સ્થાપિત લિંગને વિષે દેવને આવાહન-મુદ્રા બતાવી, સારી રીતે પ્રાપ્ત થયેલ દેવમાં નીચે પ્રમાણે સ્વાગતની ભાવના કરવી:—

यस्य दर्शनमिच्छंति देवाः स्वाभीष्टसिद्धये । तस्मै ते परमेशाय स्वागतं स्वगतं च मे ॥ १ ॥ कृतार्थोऽनुगृहीतोस्मि सफलं जीवितं मम । आगतो देवदेवेश सुस्वागतमिदं पुनः ॥२॥

ભાવાર્થ:—દેવો પોતાના કાર્યની સિદ્ધિમાટે જે પરમાત્માના દર્શનની અભિલાષા કરે છે તે સર્વથી શ્રેષ્ઠ ને સર્વના નિયામક આપને મારું અંતઃકરણ સ્વાગત કરો. ૧ હે ઇંદ્રાદિ મુખ્યદેવોના સ્વામિન્! આજે આપનું આગમન થતાં હું કૃતાર્થ થયો છું, આપના અનુગ્રહને પ્રાપ્ત થયો છું, અને

આજે આપનું સ્વાગત થયે મારું જીવન સફલ થયું છે. આ આપનું પુનઃ સુસ્વાગત હો. ૨

પછી **ॐ नमो भगवते रुद्राय। श्रीमहादेवमावाहयामि।** એ મંત્ર બોલી શ્રીમહેશ્વરનું આવાહન સમાપ્ત કરવું.

तद्वो गाय०– એ મંત્રના ભૃગયુ ઋષિ, ગાયત્રી છંદ ને ઇંદ્ર દેવતા છે, અને આસનથી માંડીને આચમનીયસુધીના ઉપચારમાં તેનો ઉપયોગ છેઃ-

१ २ ३ १ २र ३ २ ३ १ २ २उ ३

तद्वो गाय सुते सचा पुरुहूताय सत्वने । शं यद्गवे

२ ३ १ २

न शाकिने ॥

ભાવાર્થ:–હે સ્તુતિ કરનારાઓ! તમે સોમને સારી રીતે વાટયાપછી ઘણા યજમાનોથી આવાહન કરાયેલા તથા ધનોને આપનારા ઇંદ્રને માટે તે સ્તોત્રને એકઠાં કરીને ગાન કરો, જે સ્તોત્ર સામર્થ્યવાળા ઇંદ્રને ગાયને ઘાસની પેઠે સુખદ થાય છે.

પછી **तद्वो होवा०** ઇત્યાદિ (૫૮ થી ૬૧ સુધીના ચાર વા એક) સામનો પાઠ કરી, નીચેના મંત્રથી શ્રીમહેશ્વરને પુષ્પાદિનું આસન આપવું:–**ॐ नमो भगवते रुद्राय श्रीमहादेवाय। इदमासनं समर्पयामि ॥** પછી **तद्वो गाय०**–એ દ્વિતીય સામનો પાઠ કરી, પછી **ॐ नमो भगवते०। पाद्यं समर्पयामि** એ મંત્રથી પાદ્ય અર્પણ કરવું. પછી **तद्वो गाय०** એ પ્રમાણે તૃતીય સામનો પાઠ કરી, ॐ **नमो भगवते०। अर्घ्यं समर्पयामि**

એ મંત્ર બોલી શ્રીમહેશ્વરને અર્ઘ્ય અર્પણ કરવો. પછી **तद्गो गा०** એ પ્રમાણે ચતુર્થ સામનો પાઠ કરી, **ॐ नमो भगवते०। आचमनीयं समर्पयामि** એ મંત્રથી શ્રીમહેશ્વરને આચમન અર્પણ કરવું. પછી નીચેના મંત્રથી શ્રીમહેશ્વરને દૂધથી સ્નાન કરાવવું:--

चक्रं यदस्य० એ મંત્રના અથર્વા ઋષિ, વિરાટ્ છંદ ને ઇંદ્ર દેવતા છે, અને દૂધના સ્નાનમાં તેનો ઉપયોગ છે.

५ ४ ५ २ ४ २र ५ ४ २१२ २ २ १
चक्रं यदस्याप्सु वा निषत्ताम् । उतो तदस्मै मध्विचच्छा
२ १र २ १ २ १र २
२३द्यात् । पृथिव्यामतिषितं यद्२३ धाः । पयोगो २३ षु ।
१ २र १२ २र १ २ १
आदधा ओषधीषु । इडा २३भा ३४३ । ओ २३४५इ । डा ॥

ॐ नमो भगवते रुद्राय श्रीमहादेवाय । इदं पयःस्नानं समर्पयामि ॥ १ ॥

ભાવાર્થ:—આ ઇંદ્રનું આયુધ, અંતરિક્ષમાં ચારે તરફથી મેઘનું હનન કરવામાટે સ્થિત થયું હતું તે આ ઇંદ્રને માટે જલને વશ કરે છે, ને જે જલને પૃથિવીમાં વરસાવેલ છે તે જલને ઓષધીઓમાં સ્થાપન કરે છે. ૧

પછી શ્રીમહેશ્વરને શુદ્ધોદકસ્નાન કરાવી, ચંદનપુષ્પ ચઢાવી, નીચેના મંત્રથી દધિસ્નાન કરાવવું.

દધિક્રાવ્ણ:૦ એ મંત્રના **વામદેવ** ઋષિ, **અનુષ્ટુપ્** છંદ ને દધિક્રાવા દેવતા છે, અને દધિસ્નાનમાં તેનો ઉપયોગ છેઃ—

४ ५ ४२ ५२ २ ४ १

ॐ **ओहाइ । दधिक्राव्णो अकारिषं । ओहाइ । ओहाइ ।**

२ २ १ २ १२ २१२

जिष्णो रश्वस्य वाजिना २३ होइ । सुरभिनो मुखाका २३

२ १ १ २ १ २१२ २

रात् । मना २३ होइ । आयू २३ हो । षितारा २३ इषा

१

३४३ त् । ओ २३४५ । इ । डा ॥

ॐ **नमो भगवते रुद्राय श्रीमहादेवाय । दधिस्नानं समर्पयामि ॥ २ ॥**

ભાવાર્થ:—જયશીલ અશ્વના રૂપને ધારણ કરનાર, વેગવાળા દધિક્રાવાનામક અગ્નિદેવની હું સ્તુતિ કરું છું. તે અગ્નિદેવ અમારી મુખ આદિ ઇંદ્રિયોને શક્તિસંપન્ન કરે, ને અમારાં આયુષ્યોને વધારે. ૨

પછી મહેશ્વરને શુદ્ધોદકથી સ્નાન કરાવીને નીચેના મંત્રથી તેઓને ઘૃતસ્નાન કરાવવુંઃ—

४ ३ ५ ४ २ ३ ४ २ ५ २ १२

ॐ **घृतव । ता ३ इ भुवनानाम् । अभिश्रिया ॥ ऊर्वी**

२ २ २ १ २ २ २

पृथ्वी मधुदुघे सुपेशसा २३ होइ । द्यावा पृथिवी वरुणा ।

२२ १ १ २ १ २ १ २र१र
स्या धर्मणा २३ होइ । विष्काभा २३ इते । आजरेभूरि ।
१ २ २ २ १ २ १ २ १र २२ ३ १ १ १ १
रायेउतसाउवा ३। ए ३। इन्दुः समुद्र मुर्वियाविभाती २३४५ ॥

ॐ नमो भगवते रुद्राय श्रीमहादेवाय । घृतस्नानं समर्पयामि ॥ ३ ॥

ભાવાર્થ:—સ્વર્લોક અને પૃથ્વીલોક જયવાળા છે, પ્રાણીઓને આશ્રય કરવાયોગ્ય છે, વિસ્તીર્ણ છે, બહુકાર્યરૂપથી પ્રસિદ્ધ છે, જલથી પૂર્ણ કરનાર છે, સુંદરરૂપવાળા છે, વરુણની—ઈશ્વરની-સર્વનિયામિકાશક્તિના ધારણ કરવાવડે સ્થિત છે, નિત્ય ને બહુ બીજવાળા છે. ૩

પછી શ્રીમહેશ્વરને શુદ્ધોદકસ્નાન કરાવી, પશ્ચાત્ નીચેના મંત્રથી મધુસ્નાન કરાવવું:-

स पूर्व्यः० એ મંત્રના પ્રજાપતિ ઋષિ, અનુષ્ટુપ્ છંદ ને ઇંદ્ર દેવતા છે, અને મધુસ્નાનમાં તેનો ઉપયોગ છે:-

५ र र र ५ २२ १ र २ २
स पूर्व्यो महोनादमे । वेनः क्रतू २ भाइरानजे ३ । हा
२ ६ २ २ १ र ६ १
३ हा । औ३ हो३वा । आयिहीर । यस्यद्वारा३ मानुः
२ २ २ ६ २ २ १ १
पिता ३ । हा३ हा । औ३ हो३वा । आयिहीर । दाइ
र २ २ २ ६ २ २ १ २
वेषुधा ३ । हा३ हाइ । औ३ हो३वा । आयिहीर । य
१ १ ^ ३ ५र र २ १ ३ १ १ १ १
आ २३ । नार जा २३४ औहोवा । मधुश्चयूता २३४५ ॥

ॐ **नमो भगवते रुद्राय श्रीमहादेवाय । मधुस्नानं समर्पयामि ॥ ४ ॥**

ભાવાર્થઃ—દેવોમાં મુખ્ય તે ઇંદ્ર માન આપવાયોગ્ય યજમાનોના યજ્ઞોદ્વારા તેમનાં હવિષોને ઇચ્છતા છતા આગમન કરે છે, જે ઇંદ્રની પ્રાપ્તિના ઉપાયરૂપ કર્મોને દેવતાઓમાં પિતારૂપ—સર્વના પાલક—મનુ પ્રાપ્ત કરે છે. ૪

પછી શ્રીમહેશ્વરને શુદ્ધોદકસ્નાન કરાવીને નીચેના મંત્રથી તેમને શર્કરાસ્નાન કરાવવું:—

रसंते० એ મંત્રના ઇષોવૃધીય ઋષિ, ગાયત્રી છંદ ને અર્યમા અને વરુણદેવતા છે, ને શર્કરાસ્નાનમાં તેનો ઉપયોગ છે:—

२ २ २ १ २ १ — २ १

रसं तेमाइ । त्रो अर्यमा । पिबंतू वा२ । रुणः कत्राइ ।

२ १ — २ १ ^३ ५२ २ २ १२ २

पवमाना२ । स्य म । रू२ता २३४ औहोवा । इषो वृधे १॥

ॐ **नमो भगवते रुद्राय श्रीमहादेवाय । शर्करास्नानं समर्पयामि ॥ ५ ॥**

ભાવાર્થઃ—હે કર્મસાધક સોમ ! સંસ્કારથી પવિત્ર થયેલા આપના રસનું મિત્રદેવતા, અર્યમાદેવતા, વરુણદેવતા ને મરુત્દેવતા એ સર્વ દેવતા પાન કરો. ૫

પછી શુદ્ધોદકથી સ્નાન કરાવી શ્રીમહેશ્વરનું દશાક્ષરમંત્રવડે ચંદનાદિથી પૂજન કરવું.

અપાં વ્રતસ્ય૦ એ મંત્રના આપ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને આપ દેવતા છે, અને શુદ્ધોદકસ્નાનમાં તેનો ઉપયોગ છેઃ—

२र १र २ २१ र २ २र१र २
हाउ३ । ऐरयत् । ३ । अपः समैरयत् । ३ । भूत मैरयत्
२र र र र २ र र
। ३ । अपांगर्भोग्निरिडा । पांगर्भोग्निरिडा । २ । पृथिव्या
र र १ र २१ २ र१
गर्भोग्निरिडा । ३ । समंन्या यंत्युपयंतिया २३न्याः । समान
र २१ २ १र र र२१
मूर्वं नद्यस्पृणा२३न्ती । तमूशु चिद्-शुचयो दीदिवा२३ द्-
२ १र र २१ २
साम् । अपान्नपातमुपयंतिया २३पा२ः ॥

रर १र २ २१ र २ रर१र २
हाउ३ । ऐरयत् । ३ । अपः समैरयत् । ३ । भूतमैरयत्
र र र र र र र
। ३ । अपांगर्भोग्निरिडा । पांगर्भोग्निरिडा । २ । पृथिव्या
र २ र १ २१ २र
गर्भोग्निरिडा । ३ । हाउवा । ए । अग्निः शिशुकः । ए ।
२१ २१ २र १र २१ २१ २र १र २१र
शुक्रः शिशुकः । ए । तेजः शक्रस्य शक्वं । ए । तेजः समाः
र २र र १र २१२र१र२१ २र १ र ३ १११
समीचीः ए । तेज उषोनजारः । ए सुवज्योंती २३४५ः ॥

ભાવાર્થઃ—વૃષ્ટિનું અન્યજલ ભૂમિઉપર પડે છે, ને તે ભૂમિમાં સ્થિત અન્યજલને મળે છે. તે સર્વ જલ એકઠું મળી,

નદીઓરૂપ થઇ, સમુદ્રમાંના વડવાનલને તૃપ્ત કરે છે. એજ જલના—સમુદ્રના જલના–નિર્મલ ને દીપ્તિમાન્ પૌત્રરૂપ જલને–વૃષ્ટિના જલને—તે પવિત્ર જલો (સમુદ્રનાં પાણી) પાછાં વૃષ્ટિ થાય છે ત્યારે સમીપમાં પ્રાપ્ત થાય છે. સમુદ્રનું જલ તે પિતા, વરાળ (મેઘ) તે પુત્ર ને વૃષ્ટિનું જલ તે પૌત્ર.

પછી નીચેના સામથી અન્ય ઉપચારો અર્પણ કરવાઃ—

आज्यदोह० (આ સામ ૬૨મા સામરૂપે આપ્યો છે.) એ સામના અગ્નિવૈશ્વાનર ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને અગ્નિવૈશ્વાનર દેવતા છે, અને પૂજાના ઉપચાર અર્પણ કરવામાં તેનો ઉપયોગ છે.

પ્રથમ **आज्यदोह०** ભણીને **ॐ नमो भगवते रुद्राय श्रीमहादेवाय। स्नानं समर्पयामि** એમ બોલી શ્રીમહેશ્વરને જલવડે સ્નાન કરાવવું. પછી સાંગ રુદ્રાધ્યાયવડે અભિષેક કરવો, અથવા રુદ્રસંહિતાથી અભિષેક કરવો. પછી ઉપરના દશાક્ષરમંત્રવડે ફરીથી આચમન અર્પણ કરવું. પછી દ્વિતીય **आज्यदोह०**નો પાઠ કરી, **ॐ नमो भग० रु० श्रीम०। वस्त्रं स०** એ મંત્ર ભણી વસ્ત્ર અર્પણ કરવું.

પછી ફરીથી આચમન અર્પણ કરી, પછી પ્રથમ આપેલા તૃતીય સામનો પાઠ કરી, **ॐ नमो भगवते० रु० श्रीम०। यज्ञोपवीतं सम०** એ મંત્ર બોલી યજ્ઞોપવીત અર્પણ કરવું.

अर्चत० એ મંત્રના પ્રિયમેધા ઋષિ, અનુષ્ટુપ્ છંદ ને ઇંદ્ર દેવતા છે, અને ગંધ (ચંદન) અર્પણ કરવામાં તેનો ઉપયોગ છેઃ-

२ ३ ^३ ५ २ ३ ४ २ ३ ५
अर्चत मार्चताना २३४ राः प्रियमेधा३ सो३ अर्चत।
२ १ ४ २२ ३ ५ १ ३ २ ४
अर्चतुपू २३ त्रा३ काउत। पुरमिद्धा२३। ष्णुवा ३र्चा ५ता
४ ५ ४ १ २ १ २ १ २२ १
६५६ः॥ अर्चतिया। कंमरुतः सुवा २३क्ताः आस्तो भताइ।
२ १३ २ ९ २ २ ५
श्रुतो युवास आयिंद्रा३ उवा३। ऊ३४ पा॥

ॐ नमो भगवते रुद्राय श्रीमहादेवाय। गंधं समर्पयामि॥

ભાવાર્થ:–હે અધ્વર્યુ આદિ કર્મના નેતાઓ! આપ ઇંદ્રનું અર્ચન કરો. વિશેષરૂપથી ઇંદ્રનુંજ અર્ચન કરો. હે પ્રિયમેધ-ગોત્રીઓ! આપ ઇંદ્રનું પૂજન કરો. હે પુત્રો! ઇંદ્રનું પૂજન કરો. મનોરથોને પૂર્ણ કરનારા તથા શત્રુઓનો પરાભવ કર-નારા ઇંદ્રનુંજ પૂજન કરો. સુંદર અન્ન અથવા સ્તોત્રવાળા મરુતો (દેવો) પૂજવાયોગ્ય ઇંદ્રને હવિષ્ અને સ્તુતિઓથી પૂજે છે. નિત્ય યુવાવસ્થાવાળા તે ઇંદ્ર તેમના શત્રુઓપર ચઢાઇ કરીને તેમનો સંહાર કરે છે.

पवित्रं० એ મંત્રના **આદિત્ય** ઋષિ, જગતી છંદ ને **બ્રહ્મણસ્પતિ** દેવતા છે, અને પુષ્પ અર્પણ કરવામાં તેનો ઉપયોગ છેઃ–

२ १ २३ १ २ १ २ १ १
पवित्रं ते विततं ब्रह्मणस्पते २३। हुवे२३। हुवे २३।
१ २ २ २ १ ३२२ १ २३ १
होवा३ हा३। हाइ। प्रभुर्गात्राणि परियेषि विश्वता २३ः।

१ १ १ २ २ २ १ २ २ १ ९२

हुवे २३ । हुवे २३ । होवा३ हा३ । हाइ । अतप्ततनूर्नतदा२

१२ २ १ १ १ २ २ २ १२ ११

मो अश्नुते३। हुवे२३। हुवे२३ । होवा३ हा३। हाइ। शृता सइ-

२ १ ९२ १ १ १ २ २ २

द्वहंतः संतदा२शत । हुवे २३ । हुवे २३ । होवा३ हा३ हा

५२ ३ २ १२ २ २ ९२ १३ ९३ ३ ११११

३४ । औहोवा । अर्को देवानां२ परमेत्रियो२ मा २३४५ना॥

ॐ नमो भगवते रुद्राय श्रीमहादेवाय । यथामिळित-पुष्पाणि सम० ॥

ભાવાર્થઃ-હે મંત્રના સ્વામી સોમ ! આપનું શ્રેષ્ઠ અંગ સર્વત્ર ફેલાયેલું છે. શક્તિમાન્ એવા આપ પીનારના પ્રત્યેક અંગોને વ્યાપો છો, સર્વભણીથી પવિત્ર એવા આપને, જેનું પયોવ્રત આદિથી શરીર સંતપ્ત થયું નથી એવો અપકવ પુરુષ પ્રાપ્ત થતો નથી, પણ પયોવ્રતાદિથી પરિપકવ થઇ યજ્ઞનો નિર્વાહ કરનારાઓ આપના પવિત્ર અંગને પ્રાપ્ત થાય છે.

त्वेषास्ते० એ મંત્રના **યમ** ઋષિ, **અનુષ્ટુપ્** છંદ ને **અગ્નિ**-દેવતા છે, અને ધૂપ અર્પણ કરવામાં તેનો ઉપયોગ છેઃ-

२२१ ४३ ५ २ १ २

त्वेषास्ते२३ धूम ऋण्वति हाउ । दिविसंछुक्रा२ आताता

४२३ ५ २ १ २ ४३ ५ २१३

३: । सूरोनही हाउ । द्युतातूवा३म् । कृपापवा हाउ । करोचा

२ १

२३ सा ३४३ यि । ओ २३४५ इ । डा ।

ॐ नमो भगवते रुद्राय श्रीमहादेवाय। धूपमाघ्रापयामि ॥

ભાવાર્થઃ—હે અગ્ને ! પ્રજ્વલિત થયેલા આપનો નિર્મલ શ્વેતવર્ણ ધૂમ (વરાળ) અંતરિક્ષમાં ફેલાતો છતો મેઘરૂપે પરિણામ પામે છે, અને હે શુદ્ધિ કરનાર અગ્ને ! સ્તુતિ કરવા-યોગ્ય ને સૂર્યની પેઠે અભિમુખ કરવાયોગ્ય સ્તુતિથી પ્રશંસા કરાતા આપ આપના તેજથી નિશ્ચય પ્રકાશિત થાઓ છો.

पवमान अजीजनत॰ એ મંત્રના વસિષ્ઠ ઋષિ, ગાયત્રી છંદ ને વૈશ્વાનર દેવતા છે, અને દીપ અર્પણ કરવામાં તેનો ઉપયોગ છેઃ–

५ २र १ २ २ १ २ १ २
पवमानाः । अजायिजा ३नात् । दिवश्चित्रा २ ३द्-हा२इ ।
१ २ ३ ५ ३ ५ ३ ५ ४
ना तन्या २ ३ ४ तूम् । ज्यो २ ३ ४ तीः । वा २ ३ ४ यिश्वा नरो
५ ४ ५
वा। वृ ५हो ६हायि ॥

ॐ नमो भगवते रुद्राय श्रीमहादेवाय । दीपं दर्शयामि ॥

ભાવાર્થઃ—પવિત્ર સોમે મોટા વૈશ્વાનરનામવાળા તેજને દ્યુલોકના વિચિત્ર વજ્રની સમાન ઉત્પન્ન કર્યું છે.

अहमन्न॰ એ મંત્રના દિશ ઋષિ, અનુષ્ટુપ્ છંદ ને વિશ્વે-દેવા દેવતા છે, અને નૈવેદ્ય અર્પણ કરવામાં તેનો ઉપયોગ છેઃ–

२ २र १ १ २र १ २र २र १ २र
हाउ ३। अहमन्नम् । ३ । अहमन्नादो । हमन्नादो हम-

२र १र २र १र २र १र २र १ २र
न्नादो । हं विधारयो । हं विधारयो । हं विधारयः । हाउ ३।
१ २र १ २ १ऽऽ २र१२र१२र १ २ १ २ १ २र
यद्वर्चो हिरण्य । स्या । यद्वावर्चोगवामु । ता। सत्यस्य ब्रह्मणो
१ ऽऽ र २र १ २र १ २र १
वाचाः । तेन मासद्–सृजाम । सायि । हाउ ३। अहमन्नं ।३।
२ १ २र १र २र १र २र १र २र १र २र
अहमन्नादो । हमन्नादो । हमन्नादो । हं विधारयो । हं विधा-
१र २र १ २ऽऽ २र १ २ १ २र १र
रयो । हं विधारयः । हाउ ३ वा । ए । अहमन्नमहमन्नादोहं
२र १ २र १ र ३ १ १ १ १
विधारयः । ३ । ए । अहद्–सुवर्ज्योती २३४५ः ॥

ॐ नमो भगवते रुद्राय श्रीमहादेवाय। नैवेद्यं निवेदयामि ॥

ભાવાર્થ:–અહો આશ્ચર્ય છે ! હું ભોગ્ય છું, હું ભોકતા છું, હું ભોકતા છું, હું ભોક્તા છું. હું વિશેષે ધારણ કરું છું. હું વિશેષે ધારણ કરું છું. હું વિશેષે ધારણ કરું છું. સુવર્ણનું જે હિતકારી તેજ છે, વા ગાયોનું જે તેજ છે, વા સર્વને માન્ય સત્યસ્વરૂપ વેદનું અથવા બ્રહ્મનું જે તેજ છે તેઓની સાથે હું સંબંધ પામવાની પ્રાર્થના કરું છું, અર્થાત્ હે પ્રભો ! મારા પર દયા કરો, જેથી હું ધનવાળો, પશુવાળો, બ્રહ્મતેજવાળો ને વેદોને જાણનારો થાઉં. આશ્ચર્ય છે! હું ભોગ્ય છું, હું ભોકતા છું, હું ધારણ કરું છું, હું સ્વર્ગના પ્રકાશરૂપ છું.

પછી નીચેના દશાક્ષર મંત્રથી શ્રીમહેશ્વરને ફરીથી આચ-

મન અર્પણ કરવું:–ॐ **नमो० भग० रु० श्रीमहा० । पुनराचमनीयं समर्पयामि ॥**

પછી નીચેના મંત્રથી શ્રીમહેશ્વરની આરતી ઊતારવી:–

उर्ध्वंलोका० એ મંત્રના ઇંદ્ર ઋષિ, **અનુષ્ટુપ્** છંદ ને સૂર્ય દેવતા છે, અને આરતી ઊતારવામાં તેનો ઉપયોગ છે:–

२ १ २ २ २२ १ २ १२ २ २ २२ १
उर्ध्वं ल्लोकानरोचयः। होयि। इमाँल्लोकानरोचयः। होयि।
२ १२ २ २२ १ २२ १ २२ १ ^ ३
प्रजाभूतमरोचयः। होयि। विश्वंभूतमरोचयः। होर। हा २३४।
५२ २ २ १२ २ ३ १ १ १ १
औहोवा। घर्मोज्योती २३४५: ॥

ॐ **नमो भगवते रुद्रा० श्रीमहा०। आरार्तिकं समर्पयामि ॥**

ભાવાર્થ:–હે પ્રભો ! આપ પોતાની ઇચ્છાશક્તિવડે જગત્‌માં ઉત્પન્ન થતા સર્વને પ્રકાશતા હવા. આપ આ લોકને પ્રિયરૂપ થાઓ છો. આપ ઉત્પન્ન થયેલા આ વિશ્વને પ્રકાશો છો. આપ પરંજયોતિરૂપ છો.

પછી નીચેના મંત્રથી શ્રીમહેશ્વરને ફલ, તાંબૂલ અને દક્ષિણા અર્પણ કરવાં:–

फल० એ મંત્રના કશ્યપ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને ઇંદ્ર દેવતા છે, અને ફલ, તાંબૂલ ને દક્ષિણા અર્પણ કરવામાં તેનો ઉપયોગ છે:–

२र १ २ २र १ २र
हाउ३ । फाल्फल्फल्फल्फल्। ३। हाउ ३ । इंद्रन्नरोने-
२ _१ २र २ _१ २र २र
मधिताहवा२न्तायि यत्पार्यायुनजते धियाऽस्ताः । शूरोनृषाता-
_१ २र २ २ _१ २र
श्रवसश्चका२मायि । आगोमतिव्रजे भजातुवा२न्नाः । हाउ३ ।
१ २ २ ३३ १ १ १ १ १
फाल्फल्फल्फल्फल् ।३। हाउ३वा। मनः सुवरिडा २३४५॥

ॐ नमो भगवते रुद्राय श्रीमहादेवाय । फलतांबूल-दक्षिणां सम० ॥

આ સામનો ભાવાર્થ પૂર્વે છઠ્ઠા સામમાં આવી ગયો છે.

પછી નીચેના મંત્રોથી શ્રીમહેશ્વરને ક્રમથી પ્રદક્ષિણા, સ્તુતિ ને નમસ્કાર અર્પણ કરવાં:—

देवव्रतानां० એ મંત્રના દેવા ઋષિ, ઉત્કૃતિ છંદ ને રુદ્ર દેવતા છે, અને ક્રમથી પ્રદક્ષિણા, સ્તુતિ ને નમસ્કાર કરવામાં તેનો ઉપયોગ છે. પછી પ્રથમ સામનો પાઠ કરી, **ॐ नमो भग० रुद्रा० श्रीम०। प्रदक्षिणां स०।** પછી દ્વિતીય સામનો પાઠ કરી, **ॐ नमो भ० रुद्रा० श्रीम०॥ स्तुतिं सम०॥** પછી તૃતીય સામનો પાઠ કરી, નીચેના મંત્રથી પુષ્પાંજલિ ને નમસ્કાર અર્પણ કરવાં. **ॐ नमो भ० रुद्रा० श्रीम०। मंत्रपुष्पांजलिं नमस्कारं च समर्पयामि॥** એ પ્રમાણે ષોડશોપચાર-વડે શ્રીમહેશ્વરનું પૂજન પૂરું થયું.

અથવા નૈવેદ્ય અર્પણ કર્યા પછી યથાપ્રાપ્ત ઉપચારોથી પૂજન કરી, પછી નીચે બતાવ્યા પ્રમાણે ષડંગરુદ્રાધ્યાયના ઋષિ આદિનું સ્મરણ કરી, તેના પાઠની શરૂઆત કરવી. **आजा आज०** એ બંને સામના સૂર્ય ઋષિ, ગાયત્રી છંદ ને અગ્નિ દેવતા છે. **शुक्रचंद्रे०** એ બંને સામના પ્રજાપતિ ઋષિ, ગાયત્રી છંદ અને વાયુ પ્રથમના સામના દેવતા છે, અને ચંદ્ર બીજા સામના દેવતા છે. **राजनरौहिण०** એ બે સામના ઇંદ્ર ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને ઇંદ્ર દેવતા છે. **अग्नेर्व्रत०** એ સામના અગ્નિ ઋષિ, ગાયત્રી છંદ ને અગ્નિદેવતા છે. **वायोर्व्रत०** એ સામના વાયુ ઋષિ, અત્યષ્ટિ છંદ ને સોમ દેવતા છે. **श्लोकानुश्लोकः०** એ સામના પ્રજાપતિ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને ઇંદ્ર દેવતા છે. **नमस्ते०** આ સામના પ્રજાપતિ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને આત્મા દેવતા છે. **अबोध्यग्निः०** એ સામના પ્રજાપતિ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને અગ્નિઉષસ્ દેવતા છે, **महित्रीणाम०** એ બંને સામના કંઠેવાડ ઋષિ, ગાયત્રી છંદ ને ઇંદ્ર દેવતા છે. **त्वावतः०** એ સામના ધુરાંસાકમશ્વ ઋષિ, ગાયત્રી છંદ ને ઇંદ્ર દેવતા છે. **इंद्रं नरः** એ સામના ગૌરીવિતિ ઋષિ, ત્રિષ્ટુપ છંદ ને ઇંદ્ર દેવતા છે. **त्यमू षु०** એ સામના તાર્ક્ષ્ય ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને ઇંદ્ર દેવતા છે. **त्रातारम०** એ સામના ઇંદ્ર ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ ને ઇંદ્ર દેવતા છે. **सोमःपुनानः०** એ સામના પ્રજાપતિ ઋષિ, ઉષ્ણિક્ છંદ ને સોમ દેવતા છે. **विश्वतो दावन्०** એ સામના પ્રજા-

ભાવાર્થઃ-આશ્ચર્ય છે! આમાં વિવેકવડે વિવેકવાળા મનને સ્થાપીએ છીએ. સર્વદા વૃદ્ધિ પામતા વિચિત્ર ગુણોવાળા મિત્રરૂપ ઇંદ્ર કયા તૃપ્તિસાધક કર્મથી અમારી અભિમુખ થાય? વળી સમજીને કરવામાં આવતા કયા વર્તનથી તે અમારી સંમુખ થાય? આશ્ચર્ય છે! આમાં વિવેકવડે વિવેકવાળા મનને સ્થાપન કરીએ છીએ. સ્વર્ગરૂપ જ્યોતિ છે. ૫૬

४र ५र २ ४ ३ २ ३ २ ३ ४ ५ १ २र १

आवो राजा । नमध्व । रस्य रुद्राम् । हो । ता । राम् ।

२ २ २ ३ ४ ५ २ १ २ ३ २

स । न्ययजा३म् । रोदसीयोः । अग्निंपु । रा । तनयि । त्नो

३ ४ ५ १ २ १ २ १ २ २

रचित्तात् । हिरण्य । रू । पा३मव । सा २४२ यि । का ३

४

र्णू ५ध्वा ६५६ म् ॥ ५७ ॥

આ સામનો ભાવાર્થ પૂર્વે ન્યાસમાં-અગ્ન્યાસમાં-આવી ગયો છે. ૫૭

५ २ ४ ५ १ ^ ३ २ ^ ३ ५ १ २र २

तद्वौहोवा । गायार । सुताईसा २३४ चा । पुरुहूना ।

२ १ २ _ १ ꣺ २ २ ^ ३

यसात्वा १नार यि । शंयत् । हा । औ२ होयि । गा २३४

५ १ ^ ३ ५र २ २ १ १ १ १ १

वाई । ना२शा २३४ औहोवा । ए३ । क्रिने २३४५ ॥५८॥

५ र र २ १ र २ ३र २

तद्वोगाया । सुताई सचा३ । पूरू २३ हूता ३४ । हाहो ३ ।

१ २ ^ ३ ५ २ १ २ २

या सत्वा २३४ नाई । शंयद्धा २३ वे । नशौ २ । हौर ।

१ ५ ४ ५ ५ ३ २ ३

हुवो २३४ । वा । का५ यिनो६हायि ॥ ५९ ॥ तद्वोगायसुते

५ २ ३ १ २ २ २ १ २ ३ ३ १ ७ २

सचा६ ए । पुरु हूताय सत्वने । पुरुहूता । या सत्वा २३ ना

५ २ ^ ३ ५ १ ४ २

३४ यि । शंयत् । गौवा ओ २३४ वा । ना २३ शा३ । का

५ ५ ३ ३ २ ५ २

३४५ ईनो ६हायि ॥ ६० ॥ तद्वोगाय सुते सचा६ए । पुरु

३ १ ३ १ २ २

हूताय सत्वनाई । शंयद्धा २३ वे । ए२ हो १ आ २३ ईही ।

१ १ ^ ३ ५ ३ ३ ३ १ १ १ १

नशा २३ । का२ईना २३४ औहोवा । ई २३४५ ॥६१॥

ભાવાર્થ:—હે સ્તુતિકર્તાઓ ! આપ યજ્ઞમાં સોમરસને કાઢ્યા પછી ઘણા યજમાનોથી બોલાવાતા છતા, શત્રુઓનો નાશ કરનારા અથવા દ્રવ્યને આપનારા ઇંદ્રને માટે તમે સર્વે સાથે મળી સ્તોત્રોનું ગાન કરો. જે સ્તોત્ર ઇંદ્રને ગાયને આપેલા કુણા ઘાસ આદિની પેઠે સુખદાયક થાય છે. ૫૮–૬૧

५ ३ २ ३ ३ ४ ३ ५ २ ३ १ ३ २ १

हाउ३ । आज्यदोहम् । ३ । मूर्द्धानंदाइ । वा३ अर ।

२ ३ ४ ५ २ ३ १ ३ २ १ २ २ ३ ३ ४ ५ ६ ६ २ १

तिं पृथिव्याः । वैश्वानराम् । ऋत आ । जातमग्निम् । कवि-

२ १ २ ३ ४ ३ ५ २ ३ १ २ ०

ट्–सम्रा । जा३ मति । थिं जनानाम् । आसन्नः पा । त्रा३

१ २ ३ ४ ३ ५ २ २ २ २ ३ ४ ३ ५ २ ३ ३ ४
जन । जंतदेवाः । हाउ । ३ । आज्यदोहम् । २ । आज्यदो
२ ३ ३ १ २ २ ३ ३ १ ३
५ हाउ । वा । ए । आज्यदोहम् । २ । ए । आज्यदोहा
१ १ १ १ २ २ ३ १ २ १ २
२३४५म् ॥ ६२ ॥ हाउ । ३ । हुम् चिदोहम् । चिदोहम् ।
२ ३ १ २ २ १ २ ३ ४ ५ २ २ १ २
२ । मूर्द्धानंदाइ । वा३ अर । तिं पृथिव्याः । वैश्वानराम् ।
२ १ ३ २ २ ३ ४ ५ ६ ६ २ १ २ १ २ ३ ४ २
ऋत आ । जातमग्निम् । कविद्–सम्रा । जा३मति । थिंजना-
५ २ २ १ २ ० १ २ ३ ४ ३ ५ २ ३
नाम् । आसन्नः पा । त्रा३ जन । जंतदेवाः । हाउ । ३ ।
२ १ २ १ २ २ ८ २ ३
हुम् । चिदोहम् । चिदोहं । २ । चिदो३ हाउ । वा ३ । ई
१ १ १ १ २ २ १ २ २ २ १ २ २
२३४५ ॥ ६३ ॥ हाउ३ । च्योहम् । ३ । मूर्द्धानंदाइ । वा३
१ २ ३ ४ ५ २ ३ १ २ २ १ २ २ २ ३ ४ ५ ६ ६
अर । तिं पृथिव्याः । वैश्वानराम् । ऋत आ । जातमग्निम् ।
२ १ २ १ २ ३ ४ २ ५ २ २ १
कविद्–सम्रा । जा३मति । थिंजनानाम् । आसन्नः पा ।
२ ० १ २ ३ ४ ३ ५ २ २ १ २ ८ २
त्रा३जन । जंत देवाः । हाउ । ३ । च्योहम् । २ । च्यो३ हाउ ।
२ २ २ १
वा ३ । ए ३ । ऋतम् ॥ ६४ ॥

ભાવાર્થ:—દ્યુલોકના મસ્તકરૂપ, પૃથ્વીના સ્વામી, સર્વ મનુષ્યોની સાથે સંબંધ રાખનારા, યજ્ઞને માટે સૃષ્ટિની આદિમાં

ઉત્પન્ન થયેલા, સર્વજ્ઞ, સારી રીતે વિરાજમાન, અતિથિની પેઠે પૂજ્ય, દેવતાઓના મુખરૂપ અને અમારા રક્ષક વૈશ્વાનર-નામના અગ્નિને દેવતા વા ઋત્વિજ્ અરણીમાંથી પ્રકટ કરતા હવા. ૬૨–૬૪

१ २ १ १ २ १ १ २ १ १
अधिप । ताइ । मित्रप । ताइ । क्षत्रप । ताइ । स्वः
२ १ १ २ – – १ २ १ २ २ १ २ २ २ २
पताइ । धनपता २ । इ । नार माः । मन्युनावृत्रहा सूर्येण
१२ २ १२ २ १ २२ १ २२ १२ २१२ २ २२ १ २२ २
स्वराड्यज्ञेन मघवा दक्षिणास्य प्रियातनू राज्ञा विशंदाधार ।
१ २ २ १ २ २ २ १ २ १ २ २ १ २ १२ २ १ २ २
वृषभस्त्वषा वृत्रेण शचीपतिरन्नेनगयः पृथिव्या सृणिकोग्निना
२ २ १ २ २ २ १ २ २ २ १ २ २ २
विश्वंभूतम । भ्यभवो वायुना विश्वाः प्रजा अभ्यपवथा वष-
२ १ २ २ २ १ २ २ २ २ २ १ २ २ २ २ १ २ २ २ २ २
ट्कारेणार्द्ध भाक्सोमेन सोमपाः समित्या परमेष्ठी । ये देवा
२ २ १ २ १ २ २ २ २ २ २ २ १ २ २ २ १ २ १ २
देवाः । दिविषदः । स्थतेभ्यो वो देवा देवेभ्यो नमः । ये
२ २ २ २ २ २ १ २ १ २ २ २ २ २ २ २ १ २ २ २ १ २
देवादेवाः । अंतरिक्षसदः । स्थतेभ्यो वो देवा देवेभ्यो नमः ।
१२ २ २ २ २ २ २ २ १ २ १ २ २ २ २ २ २ २ १ २ २ २ १ २
ये देवा देवाः । पृथिवीषदः । स्थतेभ्यो वो देवा देवेभ्यो नमः ।
१ २ २ २ २ २ २ २ १ २ १ २ २ २ २ २ २ २ १ २ २ २ १ २
ये देवा देवाः । अप्सुषदः । स्थतेभ्यो वो देवा देवेभ्यो नमः ।

१२ २२२ २२ २ १२ १२ २ २२ २ २ २१२२२
ये देवा देवाः । दिक्षु सदः । स्थतेभ्यो वो देवा देवेभ्यो
१२ १२ २ २२ २ २ २२ २ १ २ १ २ २ २२ २ २ २१२२२
नमः। ये देवा देवाः । आशासदः स्थतेभ्यो वो देवा देवेभ्यो
१२ १२ १२ २१ २२ १२ २ १ २२ १ २ २ १
नमः ॥ अवज्यामि वधन्वनोविते मन्युम्नयामसिमृडताम्न इह
२ १ २ १ २ १ २ २
अस्मभ्यम्। इडा २ ३ भा । य इदं विश्वं भूतम् । युयो३ ।
१ ३ ५ १ २ १
आउ । वा २३ । ना २३४ माः ॥ ६५ ॥ अधिप । ताइ ।
१ २ १ १ २ १ १ २ १ १ २ - - १
मित्रप । ताइ। क्षत्रप ॥ताइ। स्वः पताइ। धनपता २ इ। ना२माः।
१ २ १ २२ २ १२ २ १ २ २२ १ २२ २१ २
नमउत्ततिभ्यश्चो त्तन्वा ने भ्यश्च नमो निषंगिभ्यश्चोपवीतिभ्यश्च
१ २ २ १ २ २२ १ २ १ २ २ १
नमोस्य भ्यश्चम । तिदधाने भ्यश्च नमः प्रविध्यभ्यश्च प्रव्याधि-
२ १ २ १ २ २ १ २ १ २ १२ २ २
भ्यश्च नमः त्सरभ्यश्च त्सारिभ्यश्च नमः । श्रि । तेभ्यश्च श्रा-
१ २ १ २ १ २ २ १ २ १ २ २ १ २ २ १२ २
यिभ्यश्च नमस्तिष्ठभ्यश्चोपतिष्ठभ्यश्च नमोयते च वियते च
१ २ १ २ २ १ २२ १ २ १ २ ३ ५
नमः पथे च विपथाय च । अवज्यामि । ० । ना २३४ माः
१ २ १ १ २ १ १ २ १
॥ ६६ ॥ अधिप । ताइ । मित्रप । ताइ । क्षत्रप । ताइ ।
१ २ १ १ २ - - १ १ २ २ २ १ २
स्वः पताइ । धनपतार इ । ना२माः । नमोम्नाय नमोम्न

२ २र २र १२ २र २र१र २ १२र२र १ २ १२र २र १२र
पतय एकाक्षाय चावपन्नादाय च नमो नमः । रुद्राय तीर सदे
१ २ १२र २ १ २२र १२ १ २ २ १ २ २
नमः स्थिराय स्थिर धन्वने नमः प्रतिपदाय च पटरिणे च
१ २ १ २ २र १२र २ १ २२२र१२र २ २ २
नम स्त्रियंबकाय च क। पर्दिने च नम आश्रायेभ्यश्च प्रत्याश्रा-
१२र २ १ २ १२ २ १२र २ १ २१२र२ १२ २
येभ्यश्च नमः क्रव्येभ्यश्च विरिंफेभ्यश्च नमः संवृते च विवृते च।
१ २ १२र ३ ५
अवज्यामि० । ० । ना २३४ माः ॥ ६७॥

ભાવાર્થ:—હે અધિપતે ! હે મિત્રપતે ! હે ક્ષત્રપતે ! હે સ્વઃપતે ! હે ધનપતે ! આપને નમસ્કાર. હે વિભો ! આપ ક્રોધવડે વૃત્રાસુરને હણુનારા છો. સૂર્યસ્વરૂપવડે સ્વરાટ્ છો. યજ્ઞના મુખ્ય અધિષ્ઠાતા હોવાથી મઘવા છો. પ્રકાશવાન્ મુખથી શચીના પ્રિયસ્વરૂપ છો. આપ રાજાવડે સ્થિત થતા છતા આને ધારણ કરો. આપ વૃત્રાસુરનો વધ કરવાવડે શ્રેષ્ઠ સૂર્યરૂપ અને શચીપતિ છો. અન્નના આપવાથી ગય છો. પૃથિવીથી ઉપજનાર દુષ્ટોના શત્રુ છો. ઉપજેલા વિશ્વનો પ્રલયાગ્નિવડે પરાભવ કરો છો. વાયુસ્વરૂપવડે સર્વ પ્રજાને પોષો છો. યજ્ઞમાં બોલાતા વષટ્કાર શબ્દથી હુતદ્રવ્યના અર્ધભાગ લેનારા છો. સોમના પાનથી સોમપા છો. સભામાં મુખ્ય દેવ હોવાથી પરમેષ્ઠિસ્વરૂપ છો. જે પ્રકાશવાન્ દેવો સ્વર્ગમાં સ્થિત છે તે પ્રકાશવાન્ દેવોને નમસ્કાર. જે પ્રકાશવાન્ દેવો અંતરિક્ષમાં સ્થિત છે તે પ્રકાશવાન્ દેવોને નમસ્કાર. જે

પ્રકાશવાન્ દેવો પૃથિવીમાં સ્થિત છે તે પ્રકાશવાન્ દેવોને નમસ્કાર. જે પ્રકાશવાન્ દેવો જલોમાં સ્થિત છે તે પ્રકાશવાન્ દેવોને નમસ્કાર. જે પ્રકાશવાન્ દેવો દિશાઓમાં સ્થિત છે તે પ્રકાશવાન્ દેવોને નમસ્કાર. જે પ્રકાશવાન્ દેવો દિશાઓમાં સંચરે છે તે પ્રકાશવાન્ દેવોને નમસ્કાર. ધનુષ્‌ની નીચે કરેલી પ્રત્યંચાની પેઠે આપ અમારા રક્ષક બનેલા થઇ અમારા યજ્ઞને વિસ્તારો છો તે આપની સ્તુતિ કરનારાની આપ રક્ષા કરો, ને અમને આ ઉપજેલા વિશ્વમાં સન્માર્ગે પ્રેરો. આપને નમસ્કાર. ૬૫ (૧) હે અધિપતે ! હે મિત્રપતે ! હે ક્ષત્રપતે ! હે સ્વઃપતે ! અને હે ધનપતે ! આપને નમસ્કાર. સર્વને ઉત્પન્ન કરનારાઓને નમસ્કાર. વિસ્તાર પામનારાઓને નમસ્કાર. ભાથા-વાળાઓને નમસ્કાર, અને યજ્ઞોપવીતોને ધારણ કરનારાઓને નમસ્કાર. ફેંકનારાઓને અને સંધાન કરનારાઓને નમસ્કાર. સારી રીતે વીંધી નાંખનારાઓને અને હણનારાઓને નમસ્કાર કપટ કરનારાઓને અને કપટ કરાવનારાઓને નમસ્કાર. રક્ષણ કરનારાઓને અને આશ્રય આપનારાઓને નમસ્કાર. ઊભા રહેનારાઓને અને બેસી રહેનારાઓને નમસ્કાર. પ્રયત્ન કર-નારને અને પ્રયત્ન નહિ કરનારને નમસ્કાર. માર્ગરૂપને અને વિમાર્ગરૂપને નમસ્કાર. હે પ્રભો ! ધનુષ્‌ની નીચે કરેલી પ્રત્યંચાની પેઠે આપ અમારા રક્ષક બનેલા થઇ અમારા યજ્ઞને વિસ્તારો છો, તે આપની સ્તુતિ કરનારાની આપ રક્ષા કરો. અમને આ ઉપજેલા વિશ્વમાં સન્માર્ગે પ્રેરો. આપને નમસ્કાર. ૬૬ (૨) હે અધિપતે ! હે મિત્રપતે ! હે ક્ષત્રપતે ! હે સ્વઃપતે !

હે ધનપતે ! આપને નમસ્કાર. અન્નરૂપ આપને નમસ્કાર. અન્નપતિ આપને નમસ્કાર. સર્વના એક આધારરૂપને અને સર્વનો નાશ કરનારને નમસ્કાર. ઉગ્રસ્વરૂપને અને સંસારના પારરૂપને નમસ્કાર. સ્થિરરૂપને અને સ્થિર ધનુષ્‌વાળાને નમસ્કાર. પ્રત્યેક પદમાં સ્થિતને અને ગતિવાળાના સંચાલકને નમસ્કાર. ત્રણ નેત્રવાળાને અને જટાજૂટને ધારણ કરનારને નમસ્કાર. સર્વના આધારરૂપોને અને ભક્તોની સ્તુતિઓનો અંગીકાર કરનારાઓને નમસ્કાર. આચ્છાદન કરનાર અને આચ્છાદનરહિત કરનારને નમસ્કાર. ધનુષની બહુ નીચે કરેલી પ્રત્યંચાની પેઠે આપ અમારા રક્ષક બનેલા થઇ અમારા યજ્ઞને વિસ્તારો છો તે આપની સ્તુતિ કરનારની આપ રક્ષા કરો. અમને આ ઉપજેલા વિશ્વમાં સન્માર્ગે પ્રેરો. આપને નમસ્કાર. [સર્વ વસ્તુતાએ બ્રહ્મરૂપ છે એમ ઉપરનાં વચનોથી સમજવાનું છે.] ૬૭ (૩)

३ ४ २ ४ ५ १२ २ २
वा५ संतः । ई३न्नू३ रंतायाः । ग्रीष्म इन्नु रा १ न्ती
२ २१२ २ १ २ २ १२
३ याः । वर्षाण्यनु शा३ । ३ हुं । रा३ दाः । हेमन्तः शिशिर
^ ३ २ २ १ १ १
इंनुरा२ । न्तीया उ । वा ३४५ ॥ ६८ ॥

ભાવાર્થ:—ચૈત્ર અને વૈશાખ માસરૂપ વસંતઋતુજ રમણીય થાય છે. જયેષ્ઠ અને આષાઢ માસરૂપ ગ્રીષ્મઋતુજ રમણીય થાય છે. શ્રાવણ અને ભાદ્રપદ માસરૂપ પ્રાવૃટ્‌ઋતુજ

રમણીય થાય છે. તે પછી આશ્વિન અને કાર્તિકમાસરૂપ શરદ્ઋતુજ રમણીય થાય છે. માર્ગશીર્ષ અને પૌષમાસરૂપ હેમંતઋતુજ રમણીય થાય છે, અને માઘ તથા ફાલ્ગુન માસ-રૂપ શિશિરઋતુજ રમણીય થાય છે. ૬૮

३ २ ५ ४ २ ४२ ५ १ २ २१२ २
काऽ५ या । नश्चा३ यित्रा३ आभुवात् । ऊ । ती सदावृधः
१ ऽऽ २ २ २ १ २^ ३ २ २
स । खा । औ३ होहाई । कया२ ३ शचायि । ष्ठयौ हो३ ।
१ _ १ ऽ २
हुंमा२ । वा२ र्त्तो ३५ हायि ॥ ६९ ॥

આ સામનો ભાવાર્થ પૂર્વે ૫૬ મા સામમાં આપવામાં આવ્યો છે. ૬૯

३ २ ४ २ ४ ५ १ २२ १ २१
काऽ५ स्त्वा । सत्यो३मा३दानाम् । मा । हिष्ठोमात्सादंध ।
२ २ २ १ २^ ३ २ २ १ _
सा । औ३ होहाई । दृढा २३ चिदा । रुजौ हो३ । हुंमा२ ।
१ ऽ २
वा२ सो ३५ हायि ॥ ७० ॥

આ સામનો ભાવાર્થ ૭૩મા સામમાં જુઓ. ૭૦

३ २ ४ २ ४ ५ १ २२ १
आऽ५ भी । षुणा३: सा३ खीनाम् आ । विता जराई-
२२ १ १ २ २ १ २^ ३ २ २
तॄ । णाम् । औ २३ होहाई । शता २३ भवा । सियौ हो ३ ।
१ _ १ ऽ २
हुं मा २ । ता२ यो ३५ हायि ॥ ७१ ॥

આ સામનો ભાવાર્થ આગળ ૭૪મા સામમાં જુઓ. ૭૧

१ २ ३ १ २२ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २
कया नश्चित्र आभुवदूती सदावृधः सखा । कया शचि-
३ २
ष्ठया वृता ॥ ७२ ॥

આ સામનો ભાવાર્થ પૂર્વે ૫૯મા સામમાં આપવામાં આવ્યો છે. ૭૨

१ २ ३ १ २र ३ १ २ ३ १ २ ३ १
कस्त्वा सत्यो मदानां मद्-हिष्ठो मत्सदंधसः । दृढा
२ ३ २ ३ १ २
चिदारुजेवसु ॥ ७३ ॥

ભાવાર્થ:—પૂજનીય, સત્ય ને આનંદદાયક પદાર્થોમાં કોણ પરમ આનંદદાયક છે? હે ઇંદ્ર! સોમનો રસ બલવાન્ શત્રુના ધનને પણ સર્વભણીથી નાશ કરવામાટે તમને ઉત્સાહ આપો. ૭૩

३ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
अभीषुणः सखीनामविताजारितॄणाम् । शतंभवा स्यूतये ॥७४॥

ભાવાર્થ:—હે ઇંદ્ર! મિત્રરૂપ સ્તુતિ કરનારાઓનું રક્ષણ કરવા આપ અમને સેંકડો રક્ષાઓને માટે શ્રેષ્ઠ પ્રકારથી અભિમુખ થાઓ. ૭૪

३ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २
स्वस्ति न इंद्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः ।
३ २ ३ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २
स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः स्वस्तिनो बृहस्पतिर्दधातु ॥
१ ३ २ ३ २ ३ १ २
ॐ स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥ १ ॥

ભાવાર્થ:—જેનાં હવિષ્‌રૂપ ઘણાં અન્ન છે. એવા ઈંદ્રદેવ અમારું કલ્યાણ કરો. સર્વને જાણનારા અને પુષ્ટિ આપનારા પુષાનામના દેવ અમારું કલ્યાણ કરો. અખંડિત આયુધવાળા તૃક્ષપુત્ર ગરુડ અમારું કલ્યાણ કરો. બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો. બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો. ૧

એ પ્રમાણે રુદ્રાધ્યાયનો જપ કરી રહ્યા પછી તે જપ શ્રીમહેશ્વરને નીચે પ્રમાણે બોલી અર્પણ કરવોઃ—

अनेन [illegible] रुद्राध्यायजपेन प्रीयतां परमेशानः परमात्मा सदाशिवः ॥

ભાવાર્થ:—આ મેં કરેલા રુદ્રાધ્યાયના જપવડે સર્વના નિયંતા સદા મંગલસ્વરૂપ પરમાત્મા પ્રસન્ન થાઓ.

એ પ્રમાણે જપ અથવા અભિષેક પૂર્ણ કરી પછી ફરીથી ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, ફલ, તાંબૂલ અને દક્ષિણાવડે શ્રદ્ધાપૂર્વક શ્રીમહેશ્વરનું પૂજન કરી, પછી **उदं लोकं०** એ આગળ આરતીમાં આવી ગયેલા મંત્રવડે આરતી કરવી, અને પૂર્વોક્ત દશાક્ષરમંત્રવડે દક્ષિણા તથા નમસ્કાર કરી, **तृतीय देवव्रतेन०** એ મંત્ર બોલી તથા નીચે પ્રમાણે સામ આદિ બોલી શ્રીમહેશ્વરને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરવોઃ—

१ २ १ १ २ २ २

अधिप । तायि० । नमोन्नाय० ॥ ३ ॥ એ પૂર્વે આપેલા મંત્રો પૂરા બોલી પછી નીચે પ્રમાણે બોલવુંઃ-

नमो हमाय मोहमायमर्द–हमाय धून्वते तापसाय [illegible]नर्वसव नमो नमो मौं ज्यायौम्र्याय सौम्याय शम्याय शिवाय नमो नमः

पाराय सुपाराय महापाराय पारदाय पारविदाय नमो नमः पुरुषाय सुपुरुषाय महापुरुषाय मध्यमपुरुषायोत्तमपुरुषाय ब्रह्मचारिणे नमो नमः ॥

ॐ नमो भगवते रुद्राय श्रीमहादेवाय । मंत्रपुष्पांजलिं समर्पयामि ॥

ભાવાર્થ:—સર્વના આત્મસ્વરૂપ, ભક્તોના મોહને દૂર કરનાર, માયાના કારણરૂપ, અહંકારને હરનારા, તપસ્વી અને દ્રવ્યસ્વરૂપ આપને નમસ્કાર. પુનઃ નમસ્કાર. સર્વના આધારરૂપ, સૂક્ષ્મબુદ્ધિવડે પામવાયોગ્ય, શુદ્ધસ્વરૂપ, સર્વનું કલ્યાણ કરનારા, મંગલસ્વરૂપ આપને નમસ્કાર. પુનઃ નમસ્કાર. સંસારના પારરૂપ, સંસારના સુંદર પારરૂપ, સંસારના મહાપારરૂપ, પારને આપનારા ને પારને જાણનારા આપને નમસ્કાર. પુનઃ નમસ્કાર. પુરુષરૂપ, શ્રેષ્ઠપુરુષરૂપ, મહાપુરુષરૂપ, મધ્યમપુરુષરૂપ, ઉત્તમપુરુષરૂપ અને બ્રહ્મચારી શ્રીમહેશ્વરને નમસ્કાર. પુનઃ નમસ્કાર.

એ પ્રમાણે મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી પછી નીચે પ્રમાણે શ્રીમહેશ્વરની સ્તુતિ કરવીઃ—

शिवो दाता शिवो भोक्ता शिवः सर्वमिदं जगत् । शिवो जयति सर्वत्र यः शिवः सोहमेव च ॥ पिंगाय पिंगकेशाय पिंगभ्रूः पिंगलोचनः । पिंगलामध्यसंस्थाय सुपिनाकधराय च ॥ मृत्युंजय महादेव त्राहि मां शरणागतं । जन्ममृत्युजरारोगैः पीडितं कर्मबंधनैः ॥ तावकस्त्वद्गतप्राणस्त्वच्चित्तोऽहं सदा मृड ।

इति विज्ञाप्य देवेशं नमस्कुर्याच्च त्र्यंबकं ॥ संसारसागरे देव पतितोहं जगत्पते । दुःखव्याधिजराशोकात्त्राहि मां जगदीश्वर ॥ मंत्रहीनं क्रियाहीनं भक्तिहीनं सुरेश्वर । तत्सर्वं क्षम्यतां देव मम त्वं वरदो भव ॥

ભાવાર્થ:—શ્રીમહેશ્વર સર્વ ઉત્તમ ફલને આપનારા છે, અને ભોક્તા પણ શ્રીમહેશ્વર છે. આ સર્વ જગત્ શિવસ્વરૂપ છે. સર્વ સ્થલે શ્રીમહાદેવજી વિજય પામે છે, અને જે મહેશ્વર છે તે મારું સ્વરૂપ છે. પીળાશ પડતા સ્વરૂપવાળા, પીળાશ પડતા કેશયુક્ત, પીળાશ પડતી ભ્રમરવાળા, પીળાશ પડતા નેત્રવાળા, પિંગલાનાડીમાં સ્થિતિ કરનારા અને સુંદર પિનાકનામના ધનુષને ધારણ કરનારા હે મૃત્યુને જિતનારા ! હે મોટા પ્રકાશસ્વરૂપ ! જન્મ, મૃત્યુ, જરા અને રોગરૂપ કર્મબંધનોથી પીડા પામતા ને શરણે આવેલા મારી રક્ષા કરો. હું આપનો છું, મારા પ્રાણ આપને વિષે સ્થિત છે. હે સુખસ્વરૂપ ! મારું ચિત્ત આપને વિષે સ્થિત છે. એ પ્રમાણે શ્રીમહેશ્વરની સ્તુતિ કરી, પછી ભક્તિપૂર્વક શ્રીમહેશ્વરને નમસ્કાર કરે.

હે જગત્પતે ! હે દેવ ! હું સંસારસાગરમાં ડુબી ગયો છું, તે સંસારસાગરમાંના દુઃખ, વ્યાધિ, જરા અને શોકરૂપ ઉપદ્રવથી મારી રક્ષા કરો. હે દેવોના સ્વામિન્ ! મંત્રહીન, ક્રિયાહીન અને ભક્તિહીન જે કર્મ મેં કર્યું તે સર્વ હે દેવ ! આપ મને ક્ષમા કરો, અને મને વરદાન આપો.

પછી નીચે પ્રમાણે બોલી કરેલી સ્તુતિ શ્રીમહેશ્વરને અર્પણ કરવી:—

ॐ नमो भगवते रुद्राय श्रीमहादेवाय। स्तुतिं समर्पयामि ॥

શિવપંચાક્ષરમંત્રના વામદેવ ઋષિ, અનુષ્ટુપ્ છંદ ને શ્રીસદાશિવ દેવતા છે, અને જપ કરવામાં તેનો ઉપયોગ છે. એ શિવપંચાક્ષરમંત્રનો ૧૦૮ વાર જપ કરી, अनेन जपेन श्रीशिवः प्रीयताम्। એમ બોલી કરેલો જપ શ્રીમહેશ્વરને અર્પણ કરવો. પછી નીચેના મંત્રથી શ્રીમહેશ્વરને સ્નાન કરાવેલું જલ ચાપવામાં લઇ તેનું ત્રણ વાર પાન કરવું:—

कालमृत्युहरं पुण्यं ब्रह्महत्याविनाशनं। व्याधिघ्नं पुण्यदं मास्ये शिवनिर्माल्योदकम् ॥

ભાવાર્થ:—કાલરૂપ મૃત્યુને હરનાર અને પુણ્યને આપનાર શ્રીમહેશ્વરને સ્નાન કરાવેલા જલનું હું પાન કરું છું.

એ પ્રમાણે કેવલ શિવપૂજન કરનારાએ કરવાનો શિવ-પૂજનનો પ્રયોગ પૂરો થયો.

પછી નીચે પ્રમાણે પુરુષસૂક્તનો પાઠ કરવો:-

श्रीगणेशाय नमः ॥

॥ अथ पुरुषसूक्तप्रारंभः ॥

इदं विष्णुः० ઇત્યાદિ છ મંત્રના મેધાતિથિ ઋષિ, ગાયત્રી છંદ ને વિષ્ણુ અને ઇંદ્ર દેવતા છે. सहस्रशीर्षाः० ઇત્યાદિ પાંચ મંત્રોના નારાયણ ઋષિ, અનુષ્ટુપ્ છંદ ને પુરુષ દેવતા છે. सोमः पवते० એ મંત્રના વસિષ્ઠ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ અને વિશ્વેદેવા દેવતા છે. किमित्ते० ઇત્યાદિ ત્રણ મંત્રના વસિષ્ઠ

ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ અને વિષ્ણુદેવતા છે. પ્રથમ૦ એ મંત્રના પ્રથ ઋષિ, ત્રિષ્ટુપ્ છંદ, ધાતા, સવિતા ને વિષ્ણુ દેવતા છે, અને એ સર્વનો ન્યાસાદિમાં ઉપયોગ છેઃ—

३२ उ ३ १ २ ३ १ २ र ३२ १ २
ॐ इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् । समूढमस्य
३ २
पांसुरे ॥ १ ॥

ભાવાર્થઃ—વામનનો અવતાર ધારણ કરનારા ભગવાન્ આ પ્રતીત થતા સર્વ જગત્‌ને વિશેષરૂપથી ઉલ્લંઘન કરતા હતા તે વેલા ત્રણ પ્રકારથી ચરણને ધારણ કરતા આ વિષ્ણુના રજયુક્ત ચરણમાં આ સર્વ જગત્ સારી રીત અંતર્ધાન થઇ ગયું. ૧

१ २ ३ १ २र ३ १ २ ३ १ २र १ ३ १ २
त्रीणि पदा विचक्रमे विष्णुर्गोपा अदाभ्यः। अतो धर्मा-
३ १ २
णि धारयन् ॥ २ ॥

ભાવાર્થઃ—અવિનાશી અને સકલ જગતના રક્ષક વિષ્ણુ-ભગવાન્ અગ્નિહોત્રાદિનું પોષણ કરતા છતા પૃથિવી આદિ ત્રણ લોકોનું ત્રણ પગલાંવડે આક્રમણ કરતા હવા. ૨

२ ३ १ २ ३ १ २ ३ १ २ ३ २ १ २ ३
विष्णोः कर्माणि पश्यत यतो व्रतानि पस्पशे । इंद्रस्य
२ ३ १ २
युज्यः सखा ॥ ३ ॥

ભાવાર્થઃ—હે ઋત્વિગાદિપુરુષો ! શ્રીવિષ્ણુના પાલનાદિ કર્મને જુઓ, જે પાલનાદિ કર્મોથી સકલ યજમાનો અગ્નિહોત્રા-દિ કર્મોને કરે છે તે શ્રીવિષ્ણુ ઇંદ્રના અનુકૂલ મિત્ર છે. ૩

१ २र ३२ ३१ २र ३१२ ३ २३२३
तद्विष्णोः परमं पदह्-सदा पश्यन्ति सूरयः। दिवीवचक्षु-
१२
राततम् ॥ ४ ॥

ભાવાર્થ:—વિદ્વાનો શ્રીવિષ્ણુના શાસ્ત્રપ્રસિદ્ધ તે પરમપદને શાસ્ત્રીય દૃષ્ટિથી સર્વદા જુએ છે. જેમ આકાશમાં ફેલાયેલી નેત્રદૃષ્ટિ વિરોધના અભાવથી સર્વ પદાર્થોને સ્પષ્ટપણે જુએ છે તેમ. ૪

१ २र ३१२ ३२ ३ १२ २३१२!
तद्विप्रासो विपन्यवो जागृवाद्-सः समिंधते। विष्णोर्यत्प-
३२ ३२
रमं पदं ॥ ५ ॥

ભાવાર્થ:—શ્રીવિષ્ણુનું જે પરમપદ છે તે પદને વિશેષપણે સ્તુતિ કરનારા પ્રમાદરહિત વિદ્વાન્ ઋત્વિજો સારી રીતે પ્રકાશિત કરે છે,–પ્રકટ કરે છે. ૫

१२ ३१ २ ३ २३ १२ ३२ ३ २र
अतो देवा अवंतु नो यतो विष्णुर्विचक्रमे । पृथिव्या
३१२
अधिसानवि ॥ ६ ॥

ભાવાર્થ:—શ્રીવિષ્ણુ આ ભૂપ્રદેશથી માંડીને ઉંચે સ્વર્ગાદિપર્યંત નાનાપ્રકારથી પગલાં મૂકવાનું કામ કરતા હવા. આ ભૂતલપ્રદેશમાં શ્રીવિષ્ણુ આદિ મુખ્ય દેવો અમારું પાપોથી અથવા શત્રુઓથી રક્ષણ કરો. ૬

३ १ २ ३ १२ ३ २ ३१२ १ २र
सहस्रशीर्षाः पुरुषः सहस्राक्षः सहस्रपात् । स भूमिद्-
३१२ ३ १ २ ३ २
सर्वतो वृत्वा त्यतिष्ठद्दशांगुलम् ॥ ७ ॥

આ મંત્રનો ભાવાર્થ ૫૧મા સામમાં આપ્યો છે. ૭

३ २ ३ २उ ३१२३ १२ ३ १२३१२ २ ३ २ ३क
त्रिपादूर्ध्वउदैत्पुरुषः पादोस्येहाभवत्पुनः । तथा विष्वङ्-
२र ३ २ ३ २
व्यक्रामदशनानशने अभि ॥ ८ ॥

આ મંત્રનો ભાવાર્થ ૫૨મા સામમાં આપ્યો છે. ૮

१ २ ३ २उ ३ २ ३२उ ३ १ २ १ २ ३ १ २
पुरुष एवेदद्-सर्वं यद्भूतं यच्च भाव्यम् । पादोस्य सर्वा-
३ १ २ ३ १ २ ३ १२ ३ २
भूतानि त्रिपादस्या मृतं दिवि ॥ ९ ॥

આ મંત્રનો ભાવાર્થ ૫૩મા સામમાં આપ્યો છે. ૯

१ २ ३ २उ ३ १ २ ३ १२ ३१२३१
तावानस्य महिमा ततो ज्यायाद्-श्च पूरुषः । उतामृतत्व-
२र ३ १ २र ३१२
स्येशानो यदन्ने नातिरोहति ॥ १० ॥

આ મંત્રનો ભાવાર્થ ૫૪મા સામમાં આપ્યો છે. ૧૦

१ २ ३ १ २ ३२३ २ ३ १ २ २ ३ १ २र
ततो विराडजायत विराजो अधि पुरुषः। सजातो अत्य-
३ २उ ३ १ २ ३ २
रिच्यत पश्चाद्भूमिमथो पुरः ॥ ११ ॥

આ મંત્રનો ભાવાર્થ ૫૫મા સામમાં આપ્યો છે. ૧૧

१ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १
सोमः पवते जनिता मतीनां जनिता दिवो जनिता
२ ३ २ ३ १ २२ ३ १ २२ ३ १ २ ३ १
पृथिव्याः । जनिताऽग्नेर्जनिता सूर्यस्य जनितेंद्रस्य जनितोत
२२
विष्णोः ॥ १२ ॥

ભાવાર્થઃ—બુદ્ધિઓના ઉત્પાદક, સ્વર્લોકને પ્રકટાવનાર, પૃથિવીની વૃદ્ધિ કરવાવાળા, અગ્નિના પ્રકાશક, સૂર્યને પ્રકાશનાર ને ઇંદ્રના તથા સૂર્યના પ્રકટકર્તા સોમ યજ્ઞપાત્રોમાં સ્થિતિ કરે છે. ૧૨

१ २२ ३ २ ३ २ ३ १ २२ ३ १ २ ३ १
किमित्ते विष्णो परिचक्षि नाम प्रयद्ववक्षे शिपिविष्टो
२ १ २२ ३ १ २२ ३ २ ३ ३ १ २ ३ २
अस्मि । मावर्पो अस्मदपगूह एतद्यदन्यरूपः समिथे
३ १ २
बभूथ ॥ १३ ॥

ભાવાર્થઃ—હે વિષ્ણો ! આપનું તે નામ શું પ્રસિદ્ધ કરવાયોગ્ય છે ? ના, તે તો સ્વયંપ્રસિદ્ધ છે, કારણકે જે નામવડે આપ શિપિવિષ્ટ—કિરણોથી ભરપૂર હું—છું એમ કહો છો. આપ આવા પ્રસિદ્ધરૂપવાળા છો તેથી આપના એ વિષ્ણુરૂપને અમારાથી ગુપ્ત ન રાખો. આપ સંગ્રામમાં અન્યરૂપને ધારણ કરીને અમારા સહાય થાઓ છો તેથી અતિતેજસ્વી વિષ્ણુરૂપનું અમને દર્શન આપો. ૧૩

१ २२ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
प्र तत्ते अद्य शिपिवि[illegible] हव्यमर्यः शद्—सामि वयुनानि

३ २ १ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २र
त्विद्वा- । तं त्वा गृणामि तवसमतव्यान्क्षयं तमस्य रजसः
३ २
पराके ॥ १४ ॥

ભાવાર્થ:—હે શિપિવિષ્ટ !-કિરણોવડે ભરપૂર વિષ્ણો !-આપનું તે-વિષ્ણુ એવું-નામ પ્રસિદ્ધ છે. આપ સ્તુતિઓના વા હવિષ્‌ના સ્વામી છો, તેમજ જાણવાયોગ્ય પદાર્થસમૂહને જાણુનારા છો. આપ આહ્વાન કરવાયોગ્યની આજ હું સારી રીતે સ્તુતિ કરું છું. આ લોકથી દૂરદેશમાં નિવાસ કરનારા ને પરમવૃદ્ધ એવા આપ વિષ્ણુની આપનાથી નાનો હું સ્તુતિ કરું છું. ૧૪

१ २ ३ १ २र ३ १ २
वषट् ते विष्णवास आकृणोमि तन्मे जुषस्व शिपिविष्ट
३ २ १ २ ३ २ ३ १ २ ३ १ २ ३ २ ३
हव्यम् । वर्धंतु त्वा सुष्टुतयो गिरो मे यूयं पात स्वस्तिभिः
१ २
सदा नः ॥ १५ ॥

ભાવાર્થ:—હે વિષ્ણુદેવ ! આપને માટે સુખપૂર્વક અભિમુખ થઇ વષટ્કારદ્વારા હું હવિષ્‌નો હોમ કરું છું. હે કિરણોથી યુક્ત વિષ્ણો ! તે વષટ્કારયુક્ત મારા હવિષ્‌નું આપ સેવન કરો. શ્રેષ્ઠ સ્તુતિરૂપ મારી વાણી આપની કૃપામાં વૃદ્ધિ કરો. હે વિષ્ણો ! આપ જેમાં મુખ્ય છો એવા સર્વ દેવતાઓ પોતાની કલ્યાણરૂપ શક્તિઓથી અમારી સદા રક્ષા કરો. ૧૫

१ २ ३ १ २ ३ १ २ ३ १ २र ३ १ २ ३ २
प्रथश्च यस्य सप्रथश्च नामानुष्टुभस्य हविषो हविर्यत् ॥

३१ २र ३२३१ २ ३१ २र ३१२
धातुर्द्युतानात्सवितुश्च विष्णो रथंतर माजभारा वसिष्ठः ॥ १६ ॥

ભાવાર્થ:—જે વસિષ્ઠના પ્રથનામના પુત્ર છે, અને જે ભરદ્વાજના સપ્રથનામના પુત્ર છે, તે બેમાં મારા–પ્રથના–પિતા વસિષ્ઠે અનુષ્ટુપ્છંદનું ધર્મનામનું જે હવિષ્પણાની પ્રાપ્તિ કરાવનારું રથંતરસામ છે તેને ધાતાનામના દેવથી અને દીપ્તિમાન્ તથા સર્વના ઉત્પાદક વિષ્ણુભગવાન્થી પ્રાપ્ત કર્યું. ૧૬

॥ अथ ब्रह्मयज्ञप्रारंभः ॥

સામવેદી દ્વિજે નીચે પ્રમાણે બ્રહ્મયજ્ઞ કરવો:-પ્રથમ બન્ને હાથપગ ધોઈ, બે આચમન કરી, પૂર્વબાજુ અગ્રભાગ રહે એવા દર્ભાસનપર પૂર્વદિશાભણી બેસી, હાથમાં દર્ભ તથા પાણી રાખી, દેશનું તથા કાલનું સંકીર્તન કરી, પછી નીચે પ્રમાણે બોલવું:-**श्रीपरमेश्वरप्रीत्यर्थं ब्रह्मयज्ञमहं करिष्ये ॥** એવી રીતે સંકલ્પ કરી પછી ગાયના કાનની આકૃતિની પેઠે રાખેલ બે હાથને બે ગોઠણઉપર મૂકી, શરીરને સ્થિર કરી, બ્રહ્મયજ્ઞમાં મનને એકાગ્ર કરી, નીચે પ્રમાણે ધીરજ ને સાવધાનતાથી બોલવું:—

प्रणवस्य ब्रह्मा ऋषिः दैवीगायत्री छंदः परमात्मा देवता व्याहृतीनां विश्वामित्रजमदग्निभरद्वाजा ऋषयः गायत्र्युष्णिगनुष्टुपछंदांसि अग्निवायुसूर्या देवताः गायत्र्या विश्वामित्रो गायत्री सविता गायत्रस्य पुष्कलो गायत्री सविता सामवेदस्यादित्यो जगत्यादित्यः । स्वाध्याये विनियोगः ॥

ભાવાર્થઃ—પ્રણવના બ્રહ્મા ઋષિ, દૈવીગાયત્રી છંદ અને પરમાત્મા દેવતા છે. ત્રણ વ્યાહૃતિઓના વિશ્વામિત્ર, જમદગ્નિ અને ભરદ્વાજ ઋષિઓ છે, ગાયત્રી, ઉષ્ણિક્ ને અનુષ્ટુપ્ છંદ છે, અને અગ્નિ, વાયુ તથા સૂર્ય દેવતા છે. ગાયત્રીમંત્રના વિશ્વામિત્ર ઋષિ, ગાયત્રી છંદ અને સવિતા દેવતા છે. ગાયત્રસામના પુષ્કલ ઋષિ, ગાયત્રી છંદ અને સવિતા દેવતા છે. સામવેદના આદિત્ય ઋષિ, જગતી છંદ ને આદિત્ય દેવતા છે, અને સ્વાધ્યાય કરવામાં તેનો ઉપયોગ છે. પછી શાંત ચિત્તે નીચે પ્રમાણે પાઠ કરવોઃ—

२उ ३क २र १ २ ३ १ २र ३ १ २ ३ १ २
ॐ भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।
२ ३ १ २ ३ १ २ १ १ २र १ २र
धियो यो नः प्रचोदयात् ॥ ॐ तत्सवितुर्वरेणियोम् । भार्गो-
२र २र २ १ २र २र २ १
देवस्य धीमाही २ । धियो यो नः प्रचो १२१२ । हुम् ।
१ ३ १ १ १ १
आ२ । दायो । आ २३४५ ॥

४ २र २र १ १ १
ॐ ओग्नायि । आयाही३ वोयितोया२ यि । तोया२ यि ।
१ २र २र १ १ १ २र १ १
गृणानोह । व्यदा तोया२ यि । तोया२ यि । नायि होता सा
३ ५र २र ३ ५
२३ । त्सा२ यि बा २३४ औहोवा । ही २३४ षी ॥ १ ॥
४ ५ ४र ५र ४ १ १ २र २र २र २
अग्न आयाहि वी । तयायि । गृणानो हव्यदाता २३ यायि ।

१ ३र २ २ १ २ १ ^ ३ ५२ ३र

निहोता सत्सि बर्हा २३ यिषी। बर्हा२ यिषा २३४ औहोवा।

२ १ १ ११ १ ४ ५ ४२ ५२ ४ ४

बर्ही३ षी २३४५ ॥ २ ॥ अग्न आयाहि । वा५ यि तयायि ।

१ २ २र २ २ २ ^ ३ ५ १ २

गृणानो हव्यदा१ ता२ ये। निहोता २३४ सा। त्सा२३ यिवा

१ ५ ५

३ । हा २३४ यिषोद् हायि ॥ ३ ॥

કાંઈ ન ભણી શકાય તો પછી નીચેનું ભણવું:-

३ २ ५ ४ २ ४२ ५ १ २ २ १२ २

का५ या। नश्चा१ इत्रा३ आभुवात् । ऊ । ती सदा वृद्धः

१ १ २ २ २ १ २ ३ २ २

स । खा । औ३ हो हाइ । कया २३ शचाइ । ष्ठयौहो३ ।

१ – १ ३ २ ३ २ ५ ४ २

हुं मा२ । वा२ । त्तौ३५ हाइ । का५ स्त्वा । सत्यो३ मा ३

४ ५ १ २२ १ २ १ १ २ २ २ १

दानाम् । मा । हिष्ठो मात्सादंध। सा। औ३ हो हाइ । दृढा२३

२ ^ ३ २ २ १ – १ २ ३ २

चिदा । रुजौ हो३। हुं मा२ । वा२ सो ३५ हाइ । आ५ भी ।

५ ४ २ ४ ५ १ १ २२ १ २२ १ १

षुणा३ः सा३ खीनाम् । आ । विताजरा इतॄ । णाम् । औ२३

२ २ १ २ ३ २ २ १ – १

हो हाइ। शता २३ म्भवा। सियौ हो३ । हुंमा२ । ता२ यो ३५

२ १ २उ ३क २२ १ २ ३ १ २२ ३ १ २ ३ १ २

हाइ। ॐ भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।

२ ३ १ २ ३ १ २

धियो योनः प्रचोदयात् ॥

ગાયત્રીમંત્રનો ને ગાયત્રસામનો અર્થ મસ્તકના ન્યાસમાં અપાયો છે, અને બીજા સામોનો અર્થ આ પ્રમાણે થાય છેઃ– હે અગ્નિદેવ ! હવિષને ભક્ષણ કરવામાટે અમારી સ્તુતિવડે પધારો. અત્રે દેવોને હવિષ પહોંચાડવામાટે એમને બોલાવનારા થઇને પાથરેલા દર્ભાસનપર બીરાજો.

का ५ या० નો અર્થ ૫૬મા સામમાં का ५ त्वा० નો અર્થ ૭૩મા સામમાં ને आ ५ मी० નો અર્થ ૭૪મા સામમાં આવી ગયો છે.

બ્રહ્મયજ્ઞ કર્યા પછી પ્રતિદિન પ્રણવસહિત વ્યાહૃતિ અને ગાયત્રીમંત્રનો પાઠ કરી પછી તેની સંપૂર્ણતામાટે નીચે પ્રમાણે ત્રણ વાર બોલી ત્રણ નમસ્કાર કરવાઃ–

ॐ नमो ब्रह्मणे नमो ब्राह्मणेभ्यो नम आचार्येभ्यो नम ऋषिभ्यो नमो देवेभ्यो नमो वेदेभ्यो नमो वायवे च मृत्यवे च विष्णवे च नमो वैश्रवणाय चोपजायत ॥

ભાવાર્થઃ–બ્રહ્માને નમસ્કાર, આચાર્યોને નમસ્કાર, ઋષિઓને નમસ્કાર, દેવોને નમસ્કાર, વેદોને નમસ્કાર, વાયુને નમસ્કાર, મૃત્યુને નમસ્કાર, વિષ્ણુને નમસ્કાર, કુબેરને નમસ્કાર ને જેનાથી મેં અધ્યયન કર્યું એ ગુરુને નમસ્કાર.

પછી નીચે પ્રમાણે બોલી આ કર્મ શ્રીપરમાત્માને અર્પણ કરવુંઃ–

अनेन यथाज्ञानेन कृतेन ब्रह्मयज्ञाख्यकर्मणा श्रीपरमात्मा प्रीयताम् ॥

એવી રીતે રુદ્રપૂજા, રુદ્રી, પુરુષસૂક્ત ને બ્રહ્મયજ્ઞ સમાપ્ત થયાં.